Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી આત્માનંદ પ્રકાશ

પુસ્તક ૪૭ મું. સંવત ૨૦૦૬.

આત્મ સં. ૫૫

અંક ૧૨ મો. તા. ૩૧-૭-૫૦ અશાઢ

વાર્ષિક લવાજમ રૂા. ૩-૦-૦ પોસ્ટેજ સહિત.

પ્રકાશક:-

શ્રી જૈન આત્માનંદ સભા,

ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા.


| | | |
|---|---|---|
| ૧ સામાન્ય જિન સ્તવન ... ... ... | ( લે. વિજયકસ્તૂરસૂરીશ્વરજી મહારાજ ) | ૨૨૫ |
| ૨ અંતરિક્ષ પાર્શ્વનાથજી તીર્થ... ... ... | ( લે. જંબૂવિજયજી મહારાજ ) | ૨૨૬ |
| ૩ પૂર્ણ કળા ... ... ... ... ... | ( લે. ચંદ્રપ્રભસાગર ) | ૨૩૫ |
| ૪ તત્ત્વાવબોધ ... ... ... | ( લે. આચાર્યશ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ ) | ૨૩૬ |
| ૫ ઓગણીશમા શ્રીદેવજસાજિન સ્તવન ... ... ... | ( લે. વલ્લભદાસ નેણસીભાઇ ) | ૨૪૦ |
| ૬ સંપૂર્ણ બ્રહ્મચર્ય વિના પ્રભુપ્રાપ્તિ અશક્ય છે | ( લે. કમળા રતનચંદ સુતરીઆ એમ. એ. ) | ૨૪૨ |
| ૭ વર્તમાન-સમાચાર ... ... ... ... ... ... | ( સભા ) | ૨૪૩ |
| ૮ વાર્ષિક અનુક્રમણિકા ... ... ... ... ... ... | ( સભા ) | ૨૪૫ |


## આ સભા તરફથી પ્રગટ થતું સસ્તુ સાહિત્ય.

તેના બીજા પુસ્તક **શ્રી નમસ્કાર મહામંત્ર** ઉપર નિબંધ લખી મોકલવા પૂજ્ય મુનિમહારાજાઓ અને વિદ્વાન જૈન બંધુઓ વગેરેને ઘણા વખતથી આમંત્રણ પત્રિકા મોકલાઇ ગયેલ છે. **શ્રી નમસ્કાર મહામંત્ર** ઉપર કેટલાક બંધુઓએ તેઓના નિબંધો લખી મોકલ્યા છે. આમંત્રિત મુનિમહારાજાઓ અને જૈન બંધુઓ હવે તે નિબંધ વેળાસર લખી મોકલવા વિનંતિ છે. તેની મુદત પણ થોડા દિવસ પછી પૂર્ણ થશે. મુદત પૂર્ણ થતાં પરીક્ષક કમીટીને તે તપાસવા મોકલી આપવામાં આવશે. વધારે ખુલાસાની જરૂર હોય તો નીચેના સરનામે લખી મોકલવા નમ્ર સૂચના છે.

સેક્રેટરીઓ-**જૈન સસ્તું સાહિત્ય કમીટી**
શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર.

## " શ્રી દ્વાદશાર નયચક્ર ( ન્યાયનો ગ્રંથ ) "

જે વિદ્વાન મુનિ પુંગવ ( ન્યાય અને ઇતિહાસના નિષ્ણાત હોવા છતાં ) સાક્ષર શિરોમણિ, સાહિત્ય રત્ન વિદ્દદ્વર્ય મુનિરાજશ્રી **પુણ્યવિજય મહારાજ** માટે અસાધારણ માન અને પૂજ્યભાવ ધરાવે છે, તેવા મુનિ રત્ન શ્રી **જમ્બૂવિજયજી મહારાજ** જેઓ હાલ દક્ષીણ હિંદના અનેક શહેરોમાં વિચરી જૈન સમાજ ઉપર અનેક ઉપકાર પોતાના ગુરૂવર્ય પૂજ્યશ્રી **ભૂવન**વિજયજી મહારાજ સાથે કરી રહ્યા છે તેઓ સાહેબે ઉપરોક્ત ગ્રંથનું આદિથી અંત સુધીનું પ્રેસ કોપી કરવાનું, સંશોધન તથા સંપાદન કાર્ય કરેલ છે. તેના અંગોની પૂર્તિનું થોડું કાર્ય બાકી રહેલ છે તે પૂર્ણ થતાં આ ગ્રંથ છાપવા માટે પરમ કૃપાળુ મુનિરાજશ્રી પુણ્યવિજયજી મહારાજની આજ્ઞા પ્રમાણે પ્રેસમાં મુકાશે.

હજી તે ગ્રંથ છપાયો નથી માટે કોઇએ મંગાવવા તસ્દી લેવી નહિં.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# શ્રીઆત્માનંદ પ્રકાશ.

... પ્રકાશક:—શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર ...

વીર સં. ૨૪૭૬. અષાડ. પુસ્તક ૪૭ મું.

વિક્રમ સં. ૨૦૦૬. :: તા. ૧૪મી ઑગસ્ટ ૧૯૫૦ :: અંક ૧૨ મો.


## સામાન્ય જિન સ્તવન.

( રાહ—મારે તે ગામડે એક વાર આવજો. )

અંતરના દ્વાર નાથ આજે ઉઘાડજો
હે........કર્મોનો મેલ ચઢ્યો, આજે ઉતારજો—અંતરના.
મારી અજ્ઞાનતા (૨) પ્રભુ હવે ટાળજો, હે...............અંતરના.

સાખી—

ભવભવનાં દુઃખો સહી, આવ્યો છું તુજ પાસ,
જો દુઃખ દૂર તમે ના કરો, બીજી કોની આશ ?
સઘળે અંધાર દીસે, રસ્તો ના સૂઝતો,
તારો એક રાહ, સંસારમાં ઝઝુમતો,
ન્યારા એ નેહે પ્રભુ ક્યારે ઉગારશો ?
સાધી શિવનારી વીર ક્યારે દેખાડશો ?
લપટાયા કર્મે અમે ક્યારે હવે તારશો ?—અંતરના.

સાખી—

થાક્યો છું રવડી મથી, આ સંસારે નાથ,
મનમંદિર આવો તમે, તારો ઝાલી હાથ.
આવો અમારે ઉર, ચિંતા કરોને ચૂર,
શરણે આવ્યા છીએ આપના;
કસ્તૂર દરિદ્રતા કહો, ક્યારે કાઢશો ? હે...............મારી.

રચયિતા—આચાર્ય શ્રીમદ્ વિજયકસ્તૂરસૂરીશ્વરજી મહારાજ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

॥ नमः श्री अन्तरिक्षपार्श्वनाथाय ॥

# श्री अंतरिक्षपार्श्वनाथजी तीर्थ.

( ગતાંક પૃ. ૨૧૫ થી ચાલુ )

**શ્રી અંતરિક્ષપાર્શ્વનાથ** ભગવાનના તીર્થના સંબંધમાં **શ્રી ભાવવિજયજી** ગણીએ રચેલા **श्री अन्तरिक्षपार्श्वनाथमाहात्म्यम्** નામના સંસ્કૃત સ્તોત્રમાંની હકીકત આપણે ગતાંકમાં જોઇ ગયા. ભાવવિજયજીએ ગુજરાતી ભાષામાં પણ ૫૦ કડીનું એક '**શ્રી અંતરિક્ષપાર્શ્વનાથસ્તોત્ર**[1]' રચ્યું છે. આમાં ભગવાનની સ્તુતિ અને મહિમાનું વર્ણન છે. ઐતિહાસિક દૃષ્ટિએ વિશિષ્ટ કંઇ નોંધવા જેવું નથી.

આ પછી શ્રી **શિવવિજયજી**ના શિષ્ય મુનિ શ્રી **શીલવિજયજી**એ[2] સં. ૧૭૪૬ માં રચેલી **તીર્થમાળા**નું સ્થાન આવે છે. આ મુનિરાજે પૂર્વ, પશ્ચિમ, ઉત્તર તથા દક્ષિણ એમ ચારે દિશાઓમાં ખૂબ ખૂબ દૂર સુધી વિહાર કરીને **તીર્થમાળા** બનાવી છે. સં. ૧૭૨૧ થી ૧૭૩૮ સુધી દક્ષિણ દેશમાં વિચરીને તીર્થયાત્રા કર્યાનું તેઓએ લખ્યું છે.

---

૧. આ ગુજરાતી સ્તોત્ર મારા જોવામાં આવ્યું નથી; પરંતુ અંતરિક્ષજી તીર્થની માલિકી તથા વહીવટ સંબંધમાં શ્વેતાંબરો તરફથી શ્વેતાંબરો તથા દિગંબરો વચ્ચે ચાલેલા ઝગડા વખતે કોર્ટમાં આ સ્તોત્રને પુરાવારૂપે રજૂ કરવામાં આવ્યું હતું. અને ન્યાયાધીશોની અનુકૂલતાને ખાતર સ્વર્ગસ્થ સાક્ષર **મોહનલાલ દલીચંદ દેસાઈ**એ તેમાંની કેટલીક કડીઓનો ઇંગ્લીશમાં અનુવાદ તથા ભાવાર્થ તૈયાર કર્યો હતો અને કોર્ટમાં તે રજૂ કરવામાં આવ્યો હતો. આ ઇંગ્લીશ અનુવાદ તથા ભાવાર્થ મારા વાંચવામાં આવ્યો છે. Record of Proceedings in the Privy Council, part IIમાં ૩૪૧માં પાને તે છપાયેલો છે. મારા લેખમાં હવે પછી સરળતા માટે આનું સંક્ષિપ્ત રૂપ R. P. P. C. આપવામાં આવશે. વાચકોએ તેનો અર્થ 'રેકોર્ડ ઓફ પ્રોસીડીંગ્ઝ ઇન ધી પ્રિવી કાઉન્સીલ' સમજી લેવો.

૨ ભારતવર્ષના ચારે ખૂણે વિચરેલા આ મુનિરાજે આપણાં તીર્થોની સાથે વિહારમાર્ગમાં આવતાં અનેકાનેક ગામોનાં નામોનો, ત્યાંના જિનાલયોનો તથા મૂલનાયક ભગવાનનાં નામોનો પણ ઉલ્લેખ કર્યો છે; તેથી આજથી લગભગ પોણા ત્રણસો વર્ષ પહેલાં ગામોનાં નામો કેવાં હતાં, કેટલાં જિનાલયો ત્યાં હતાં તથા મૂલનાયક ભગવાન કોણ હતા, વિગેરે વિગેરે તે સમયની અનેક ઐતિહાસિક તથા ભૌગોલિક માહિતિનો આમાં ખજાનો ભર્યો છે. પ્રસંગવશાત્ તે તે સ્થળના ધાર્મિક શ્રાવક વિગેરેનો પણ વિસ્તૃત યા સંક્ષિપ્ત ઉલ્લેખ તેમાં છે. કવિએ માત્ર શ્વેતાંબર તીર્થોનો જ નહીં, પણ વરાડ, તેલંગ (આંધ્ર), દ્રવિડ તથા કર્ણાટક દેશમાં આવતાં અનેક દિગંબર તીર્થોનો તેમજ સ્થાનોનો પણ ઉલ્લેખ કરેલો છે. આ **તીર્થમાળા** '**શ્રી યશોવિજયજી જૈન ગ્રંથમાળા**' (ભાવનગર) તરફથી પ્રગટ થયેલા **પ્રાચીન તીર્થમાળા સંગ્રહ** ભા. ૧લામાં બીજી અનેક તીર્થમાળાઓ સાથે છપાયેલી છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેઓ **નર્મદા** નદી ઓળંગીને દક્ષિણ દેશમાં આવીને **માંધાતા, ખંડવા, બુરાનપુર** (ખાનદેશ) તથા [3]**મલકાપુર** થઈને **દેવળઘાટ** ચડીને **વરાડ**માં દાખલ થયા હતા અને અંતરિક્ષજીની યાત્રા કરી હતી. **તીર્થમાળા**ની ત્રીજી ઢાળની ૧૪ મીથી ૧૯ મી સુધીની ૬ કડીઓમાં તેમણે અંતરિક્ષજીનો બહુ સંક્ષિપ્ત ઇતિહાસ વર્ણવ્યો છે. તેમાં રાવણના બનેવી ખરદૂષણનું અને **એલગરાયનું** નામ છે તેમ જ પહેલાં પ્રતિમા નીચેથી ઘોડેસ્વાર જતો હતો પણ અત્યારે દોરા જેટલું અંતર છે એમ જણાવ્યું છે. બીજું કંઈ વિશિષ્ટ નથી.

આ પછી **લલિતચંદજી**ના શિષ્ય **વિનયરાજે** સં. ૧૭૩૮ માં રચેલું એક અંતરિક્ષજીનું [4]સ્તવન છે. તેમાં પણ **ખરદૂષણ** અને **એલિચપુર**ના **એલિચરાજા**નું સંક્ષિપ્ત કથાનક જ છે. ઐતિહાસિકદષ્ટયા વિશિષ્ટ કંઈ નથી.

આ પછી **સિદ્ધપુર**(ગુજરાત)થી સંઘ લઈને આવેલા શ્રી **જિનચંદ્ર**સૂરીશ્વરજીએ સં. **૧૮૫૫**નાં ફાગણવદ ૧૨ ને દિવસે બનાવેલું ૯ કડીનું ગુજરાતી [5]સ્તવન મળે છે. તેમાં અંતરિક્ષજીનું સંક્ષિપ્ત કથાનક છે. વિશિષ્ટ કંઈ નથી. અંતરિક્ષ ભગવાનનો માત્ર નામોલ્લેખ તો ઘણાયે આપણા પ્રાચીન-અર્વાચીન લખાણોમાં છે કે જે પછી આપવામાં આવશે.

## પ્રાચીન જૈનેતર સાહિત્યમાં મળતો ઉલ્લેખ.

આ તો જૈન સાહિત્યમાં મળતા ઉલ્લેખોની વાત થઈ, પરંતુ ઘણા જ આનંદની વાત છે કે જૈનેતર સાહિત્યમાં પણ આજથી લગભગ ૬૪૦ વર્ષ પહેલાંનો શ્રીપુરના અંતરિક્ષપાર્શ્વનાથ ભગવાનના સંબંધમાં ઉલ્લેખ મળી આવે છે. **મહારાષ્ટ્ર** અને **વરાડ**-(વિદર્ભ)માં '**મહાનુભાવ**[6]**પંથ**' નામનો એક હિંદુ સંપ્રદાય ચાલે છે. આ સંપ્રદાયનું પ્રાયઃ તમામ સાહિત્ય પ્રાચીન મરાઠી ભાષામાં જ રચાયેલું છે. પ્રાચીન ગુજરાતી

---

૩. "આગલિ **મલકાપુર** સુભ ઠામ, **શાંતિનાથ**નિ કરૂં પ્રણામ । તિહાંથી ચઢીઈ **દેઉલઘાટ**, દેસ **વરાડ**ની ચારૂ વાટ" (તીર્થમાળા, ઢાળ ત્રીજી, ૧૨મી કડી. પૃ. ૧૧૩-૧૧૪). **મલકાપુર** ગામ **વરાડ**દેશના **બુલઢાણા** જીલ્લામાં બુલઢાણાથી ઉત્તરે ૨૮ માઇલ દૂર (૨૦/૫૩ ઉત્તર અક્ષાંશ તથા ૭૬/૧૭ પૂર્વ રેખાંશ ઉપર) આવેલું છે. જી. આઈ. પી. રેલ્વેનું સ્ટેશન છે. ત્યાં આપણી જૂની વસ્તી પણ છે. **દેઉલઘાટ** (દેવળઘાટ) બુલઢાણાથી દક્ષિણે લગભગ દશેક માઇલ દૂર છે.

૪. R. P. P. C. IIમાં ૩૪૧ પાને છપાયેલો આ સ્તવનનો ઇંગ્લીશ અનુવાદ જ મારા વાંચવામાં આવ્યો છે.

૫. આ સ્તવન અમદાવાદના શા. મોહનલાલ મગનલાલ તરફથી છપાયેલા '**સમેતશિખરની યાત્રા**' ના પુસ્તકમાં **૧૨૫**મે પાને છપાયેલું છે.

૬. આ પંથનો ટૂંકામાં ઇતિહાસ એવો છે કે, **ભરૂચ**માં **ચક્રધર** નામનો બ્રાહ્મણ પંડિત વસતો હતો. તે પ્રધાનનો પુત્ર હતો. અને તેનું નામ **હરિપાળદેવ** પણ હતું. તેણે **વરાડ**માં **ઉમરાવતી**થી ઉત્તરે લગભગ ૨૦ માઇલ દૂર આવેલા '**રિધપુર**'(ઋદ્ધિપુર) ગામમાં આવીને ત્યાં રહેતા **ગોવિંદપ્રભુ** નામના એક સંતનું શિષ્યપણું સ્વીકાર્યું હતું. તેણે મહાનુભાવપંથની સ્થાપના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભાષાના સાહિત્યનો ખજાનો જેમ ગુજરાતના જૈનો પાસે જ છે તેમ પ્રાચીન મરાઠી સાહિત્યનો ખજાનો **મહાનુભાવપંથ**માં જ છે. વિક્રમની ચૌદમી સદીમાં થયેલા આ સંપ્રદાયના ધર્મગુરુઓનો એક સંવાદ (**યવતમાલ**(વરાડ)ની '**સરસ્વતીપ્રકાશન**' નામની સંસ્થા તરફથી ઇસ્વીસન ૧૯૩૯ માં પ્રકાશિત થયેલા) મહાનુભાવપથના **स्मृतिस्थल** નામના ગ્રંથમાં [7]**वृद्धाचार** નામના વિભાગમાં ૧૬મી કંડિકા(પેરેગ્રાફ)માં છપાયેલો છે. તેમાં નીચે મુજબ ઉલ્લેખ છે.

---

કરી હતી. અને તે **દેવગિરિ**ના રાજા **રામદેવ** યાદવનો સમકાલીન હતો. તેનું મૃત્યુ લગભગ વિક્રમ સંવત ૧૩૨૯માં થયું હતું.

આ પંથમાં સાંસારિક સુખ આપતાં દેવ-દેવીઓની પૂજાને બદલે ઈશ્વરની પૂજાને જ મહત્ત્વ આપવામાં આવે છે. ખાસ કરીને શ્રી કૃષ્ણની જ પૂજા કરવામાં આવે છે. શ્રી કૃષ્ણના પાંચ અવતારો માનવામાં આવે છે. અને તેમાં ચક્રધરને પણ એક અવતારરૂપે જ માનવામાં અને પૂજવામાં આવે છે. બ્રાહ્મણ-ક્ષત્રિય-વૈશ્ય--શૂદ્ર ચારે વર્ણના લોકો આમાં ભળી શકે છે. અને આ સંપ્રદાયમાં ધર્મગુરુ થઈ શકે છે. ધર્મગુરુઓ પ્રાયે કાળાં વસ્ત્રો જ પહેરે છે. અસ્પૃશ્યો પણ સવર્ણોના મંદિરમાં દ્વાર સુધી આવી શકે છે. અલગ મંદિર પણ બંધાવી શકે છે. તેમજ ધર્મગુરુ થઇને અલગ વિચરી પણ શકે છે. પહેલાં તો આ પંથમાં ખૂબ જ ખૂબ બ્રાહ્મણો પણ હતા. હમણાં બ્રાહ્મણો બહુ જ ઓછા થઇ ગયા છે. ખેતી વિગેરે કરનારા કણબી વિગેરે નીચલા વર્ગના લોકો જ હમણાં ખાસ કરીને અનુયાયી છે. **વરાડ** તથા **મહારાષ્ટ્ર**માં અત્યારે પણ આ પંથ વિપુલ પ્રમાણમાં છે. 'માનભાવ પંથ' એવો અપભ્રંશ હમણાં થઇ ગયો છે. વિસ્તારથી જાણવા માટે જુઓ ય. ખુ. દેશપાંડેનું **महानुभावपंथीय मराठी वाङ्मय** નામનું મરાઠી પુસ્તક.

૭. **યવતમાળ**(વરાડ)નિવાસી વિદ્વાન વકીલ **યશવંત** ખુશાલ **દેશપાંડે** (M. A. LL. B; D. LITT; M. R. A. S.) એક પ્રખર ઐતિહાસિક અને સંશોધક છે. ભારતના ઐતિહાસિકોમાં નામાંકિત છે. યુરોપમાં પણ કેટલીક ઇતિહાસ સંબંધી પરિષદોમાં હાજર રહ્યા છે. વૃદ્ધ હોવાથી (૬૭ વર્ષ) ઘણા અનુભવી પણ છે. મહાનુભાવપંથના સાહિત્યમાં એક પ્રમાણભૂત (Authority) તરીકે ગણાય છે. તેમણે મહાનુભાવપંથ વિષે **महानुभावीय मराठी वाङ्मय** નામનું ઐતિહાસિક વિગેરે દૃષ્ટિએ બહુ સંશોધન કરીને મરાઠી ભાષામાં એક પુસ્તક લખ્યું છે. તેમાં ૫૧ મા પાને નીચેના આશયનું જણાવ્યું છે કે—

'મહાનુભાવ મંડળી તેના સાહિત્યનો વિભાગ જુદી રીતે કરે છે પંથસ્થાપનાથી તેના પાંચ વિભાગો કલ્પે છે. ૧ શ્રુતિ, ૨ સ્મૃતિ, ૩ વૃદ્ધાચાર, ૪ માર્ગરૂઢિ, ૫ વર્ત્તમાન. ચક્રધરાચાર્યના સમકાલીન અથવા પ્રત્યક્ષ તેમના મુખમાંથી નીકળેલા શબ્દોને શ્રુતિ કહે છે. નાગદેવાચાર્ય (ઉર્ફે ભટોબાસ, સમય વિક્રમની ચૌદમી સદી) સંબંધી અથવા તત્કાલીન ગ્રંથોને સ્મૃતિ કહે છે. પરશુરામ વ્યાસ વિગેરે (નાગદેવના શિષ્યપરિવાર) સંબંધી લખાણોના સમૂહને વૃદ્ધાચાર કહે છે. ગુર્જરશિવવ્યાસ વગેરેના કાળમાં સંપ્રદાયસંબંધી રૂઢ થયેલી વાતોના સમૂહને માર્ગરૂઢિ કહે છે. ત્યારપછી એટલે વિક્રમની ૧૭મી સદી પછીના સાહિત્યને વર્ત્તમાન કહે છે।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**कवीश्वरां हरगर्वभटां उग्द्रहणिकें कवीश्वरीं आनोबास प्रकाशणें—**

**हरवंग** ते विद्वांस. एक म्हणति **राक्षसभुवनिचे** एकु दिस ते **कविस्वरासि भेटले थोरि** उघानि केली, परि बोधुभेद अवभेद नयींच ते **वाराणसि** जात होते **हरगर्वीं**म्हणितलें— आतांचि येवेळे चर्चा असों देवो. मग मागुतें तुमचें दर्शन घेउनि **कवीस्वरबासीं** म्हणितलें— **' हो कां जाल तरि पारिसनाथाचेया श्रीपुरावरूनि जा** तेथ **आमुचे गुरुभाउ आनोबा असति, तयांसि भेटावे मग सामोरे जावें** ' तेव्हेळि ते **श्रीपुरासि** आले. **आनोबासीं** भेट जाली. .... .... ॥ १६ ॥ [ **स्मृतिस्थळ. वृद्धाचार. पृ. १६** ]

" **કવીશ્વર** અને **હરગર્વ ભટના** વાદ-વિવાદમાં **કવીશ્વરે આનોબાસને** પ્રકાશિત કર્યા. **હરગર્વ** વિદ્વાન હતા. કેટલાક કહે છે કે તે **રાક્ષસભુવનના** વતની હતા. એક દિવસ તે **કવીશ્વર**ને મળ્યા. થોડી ચર્ચા થઈ, પરંતુ (કવીશ્વર વ્યાસની) વાત (હરગર્વના) ગળે ન ઉતરી. તે (હરગર્વ) **વારાણસી**–કાશી જતા હતા. હરગર્વે કહ્યું કે–' અત્યારે અત્યારની ચર્ચા કરવા દો. કાશીથી આવીને પછી તમને મળીશ.' **કવીશ્વર વ્યાસે** કહ્યું કે–' ઠીક. પણ જાઓ તો **પારસનાથના શ્રીપુર** ઉપર થઈને જજો. ત્યાં અમારા [10]ગુરુભાઈ **આનોબા** છે તેમને મળજો અને પછી આગળ જજો.' પછી તે (હરગર્વ પંડિત) **શ્રીપુર** (શિરપુર) આવ્યા. **આનોબાસ**ને મળ્યા. "

આ પછી વૃદ્ધાચારના **૧૬**મા પેરેગ્રાફના બાકીના ભાગમાં **આનોબાસ અને હરગર્વ** પંડિતનો વાદ થયાનું, આનોબાસની યુક્તિઓ હરગર્વને ગળે ઉતર્યાનું કાશી જવાનું બંધ રાખીને હરગર્વ અને આનોબાસ આષ્ટીમાં[11] કવીશ્વર વ્યાસ પાસે ગયાનું તેમજ ત્યાં જઈને હરગર્વ આનોબાસનો શિષ્ય થયાનું વર્ણન છે. મહાનુભવપંથના સાહિત્યમાં મળતા **બીજા** અનેક ઉલ્લેખો ઉપરથી સિદ્ધ થાય છે કે **આનોબાસ** અને **હરગર્વ** (ઉર્ફે

૮. ' બાસ ' એ ' વ્યાસ ' શબ્દનું રૂપાંતર છે. કથાકાર પૌરાણિકોને સાધારણ રીતે ' વ્યાસ ' કહેવામાં આવે છે. પુરાણો બધાં ' વ્યાસે ' રચેલાં છે એવી વૈદિકોની પરંપરાનુસારી માન્યતા છે.

૯. ' **રાક્ષસભુવન** ' નિઝામરાજ્યના **ઔરંગાબાદ**જીલ્લાના **પૈઠણ** (પ્રાચીન **પ્રતિષ્ઠાનપુર**) ગામથી લગભગ ૧૪ માઇલ દૂર આવેલા એક ગામનું નામ છે.

૧૦. **કવીશ્વર** વ્યાસનું મૂળ નામ **ભાસ્કર** ભટ્ટ હતું. તે ચક્રધરાચાર્યના શિષ્ય **નાગદેવનો** શિષ્ય હતો. અને **આનોબાસનું** મૂળ નામ **ગોપાળ**પંડિત હતું, તે પણ **નાગદેવનો** જ શિષ્ય હતો. એટલે તે પરસ્પર ગુરુભાઈ થતા હતા.

૧૧. આ **આષ્ટી** ગામ મહાનુભાવપંથનું મૂલસ્થાન અને તીર્થસ્થાન રિધપુરથી પૂર્વ દિશામાં અને નજીકમાં જ છે. **આષ્ટી** ગામ **વરદા** (વર્ધા) નદીની પૂર્વ બાજુના પ્રદેશમાં આવેલું છે. અને તે **વર્ધા** જીલ્લાના **આર્વી** તાલુકામાં છે. સને **૧૯૪૨** ના પ્રસિદ્ધ રાજકીય આંદોલનમાં **આષ્ટીનું** તથા **ચિમુર** (ચાંદા) જીલ્લો, **વરોરા** તાલુકાનું નામ ખૂબ જાહેર થઈ ગયું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**હયગ્રીવ, હિરણ્યગર્ભ, હરબા,** ) વિક્રમની ચૌદમી સદીમાં વિદ્યમાન હતા અને **હરગર્વ** ભટે વિક્રમ સં. ૧૩૬૬ માં **આનોબાસ**( ઉર્ફે **ગોપાળપંડિત** )નું શિષ્યપણું સ્વીકાર્યું હતું[૧૨] એટલે ઉપર જણાવેલો વાર્તાલાપનો પ્રસંગ વિ. સં. ૧૩૬૬ માં બન્યો હતો.

જૈનેતર સાહિત્યમાં આ પ્રાચીન ઉલ્લેખનું[૧૩] મહત્ત્વ એ દૃષ્ટિએ છે કે–આ તીર્થની અને આ મૂર્તિના પ્રભાવની પ્રસિદ્ધિ માત્ર જૈનોમાં જ નહીં પણ જૈનેતરોમાં પણ સેંકડો વર્ષો પહેલાં પ્રસરેલી હતી. શિરપુરથી સેંકડો માઇલ દૂર વસતા જૈનેતરોમાં પણ આ ગામ '**પાર્શ્વનાથના શિરપુર**' તરીકે ઓળખાતું હશે ત્યારે આ મૂર્તિનો ચમત્કાર તથા પ્રભાવ કેટલો બધો વિખ્યાત હશે એની કલ્પના સ્વયં જ કરી લેવા જેવી છે. એક નાનું તરખલું પણ અદ્ધર રહી શકતું નથી, ત્યારે ફણા સુધી ૪૨ ઇંચ ઊંચી આ મૂર્તિ બીલકુલ અદ્ધર રહે એ ભલભલાને પણ નવાઇ ઉપજાવે એમાં શું આશ્ચર્ય છે ?

## અર્ધ પદ્માસનાવસ્થ મૂર્તિ.

આ લેખમાળાના પ્રથમ લેખ સાથે છપાયેલા શ્રી અંતરિક્ષ પાર્શ્વનાથ ભગવાનના ફોટામાં વાચકોએ જોયું જ હશે કે આ મૂર્તિ અર્ધ **પદ્માસનાવસ્થ** છે. ડાબા પગ ઉપર જમણો પગ છે. આવી અર્ધ પદ્માસનાવસ્થ મૂર્તિ **ડભોઇ**માં શ્રી લોઢણ પાર્શ્વનાથ ભગવાનની તથા **ભાંદક** ( જિલ્લા ચાંદા, તાલુકા-વરોરા, મધ્યપ્રદેશ ) તીર્થમાં વિરાજમાન પાર્શ્વનાથ ભગવાનની ( ઉંચાઇ મસ્તક સુધી ૫૦ ઇંચ, ફણાસુધી ૬૦ ઇંચ ) મારા જોવામાં આવી છે. **કુલ્પાક** તીર્થમાં પણ અર્ધ પદ્માસનાવસ્થ મૂર્તિઓ વિરાજે છે.

## વાળુની પ્રતિમા.

એક વાત ધ્યાનમાં રહે કે આ પ્રતિમા વાળુની કિંવા છાણવાળુની બનાવેલી છે, એ વાત આપણી પરંપરાથી તો ચાલી આવે છે જ. અને તેથી શ્વેતાંબરો અવારનવાર લેપ પણ કરાવે છે. પરંતુ આ તીર્થના વહીવટ અને માલિકીના દિગંબર–શ્વેતાંબરે વચ્ચે ચાલેલા ઝગડા વખતે દિગંબરોએ કોર્ટમાં એ જાતની રજુઆત કરી હતી કે આ મૂર્તિ પાષાણુની જ છે. ત્યારે આકોલા કોર્ટમાં કેસનો ચુકાદો આપનાર એડિશનલ જજ શ્રી R. V. **પરાંજપે**એ ( તારીખ ૧૮–૩–૧૯૧૭ ) અંતરિક્ષજી જઇને જાતે તપાસ કરી

૧૨. જુઓ. **महानुभवपंथीय मराठी वाङ्मय**

**૧૩.** શ્રી **યશવંત ખુશાલ દેશપાંડે** કે જેમનો હું અગાઉ ઉલ્લેખ કરી ગયો છું તેમનો મેળાપ જ્યારે હું ભાંદક તીર્થની યાત્રા કરીને પાછા ફરતાં યવતમાળ આવ્યો ત્યારે ત્યાં થયો હતો. તેમને દિગંબર સાહિત્યનો સારો પરિચય છે. મારા પરિચય પછી શ્વેતાંબર સાહિત્યનો પરિચય કરવાની તેમને ઘણી જ ઉત્કંઠા થઇ છે. જૈનસાહિત્યનો પરિચય કર્યા સિવાય ભારતનો પ્રાચીન ઇતિહાસ અને ભૂગોળ અધૂરાં જ રહેવાનાં છે એ મેં તેમને ભારપૂર્વક કહ્યું હતું. મહાનુભાવપંથના સાહિત્યમાં આવતા આ શિરપુર ઉલ્લેખ તરફ ધ્યાન ખેંચવા બદલ તેમજ તે સંબંધી સાહિત્ય અને મહાનુભાવપંથ સંબંધી માહિતી પૂરી પાડવા બદલ તેમને ધન્યવાદ આપું છું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હતી. તેમણે પણ ત્યાં લેપ ઉખડી ગયો હતો તે ભાગ ઉપર હાથ તેમજ નખ ફેરવતાં રેતી ખરવાથી આ મૂર્તિ રેતીમિશ્રિત વસ્તુની બનેલી છે એવો જ અભિપ્રાય આપ્યો છે.[૧૪]

ઉપરના અનેક ઉલ્લેખોથી[૧૫] સિદ્ધ થાય છે કે આ તીર્થમાં સેંકડો વર્ષોથી શ્વેતાંબર-મુનિઓનું યાત્રાર્થે આગમન ચાલુ જ છે તેમજ શ્રાવકોનું પણ આગમન ચાલુ જ છે. છેલ્લા ભાવવિજયજી ગણિના સ્તોત્રથી પણ બીલકુલ સ્પષ્ટ છે કે-આ મંદિર શ્વેતાંબરોએ જ બંધાવ્યું છે, તેમજ પ્રતિષ્ઠા આદિ પણ શ્વેતાંબરોના હાથે જ થયું છે. શ્વેતાંબરોની માલિકી સિવાય આ વાત કદાપિ ન જ બની શકે.

આ તીર્થમાં પૂજા વિગેરે કરવા માટે જૂના વખતમાં આપણા લોકોએ શિરપુરગામમાં વસતા મરાઠાઓને પૂજારી તરીકે રાખ્યા હતા કે જે **પોલકરોને** નામે ઓળખાય છે. મંદિરમાં જૂના વખતથી પેઢી પણ રહેતી હતી અને ચોપડા તથા આંગી, ચક્ષુ, ટીકા વગેરે આભૂષણો પણ રહેતાં હતાં.[૧૬] વિ. સં. ૧૮૪૫ થી માંડીને તે પછીના કાળના હિસાબી ચોપડાઓ પણ[૧૭] મળે છે. ત્યાં શિરપુરગામમાં આપણી વસ્તી ન હોવાને લીધે

---

૧૪ જુઓ Inspection note by the Additional District Judge—

"After carefully examining the body on the parts thus scraped to ascertain the kind of material out of which the idol was made originally, I came to the conclusion that this idol could not have been originally made of stone, but of some sand-mixed material. For this inquiry, I repeatedly moved my hand and even scraped the surface at those places with my nails and my opinion was confirmed. Thus the necessity of plaster for this idol is obvious." 27-3-1938

R. V. Paranjpe Additional District Judje, Akola.

સ્થળસંકોચને લીધે આનો ગુજરાતી અનુવાદ નથી કરતો. [R. P. P. C. I, પાનું ૨૪૧].

૧૫ આ તીર્થની માલીકી સંબંધમાં શ્વેતાંબર-દિગંબરના ઝગડા વખતે દિગંબરો તરફથી એક પણ શાસ્ત્રીય પુરાવો રજુ કરવામાં આવ્યો ન હતો જ્યારે આપણા તરફથી સંખ્યાબંધ પ્રમાણો રજૂ કરવામાં આવ્યાં હતાં આથી આકોલા કોર્ટના ન્યાયાધીશ R. V. Pranjpeએ બીજા અનેક પુરાવા સાથે શાસ્ત્રીય પ્રમાણોને પણ ધ્યાનમાં લઈને જજમેન્ટમાં આ મૂર્તિને શ્વેતાંબરી જ ઠરાવી છે. જુઓ—

Thus all this printed matter which originated from the Shwetambar writters show that the idol was a Shwetambar one and not Digambar. [R. P. P. C. I. પાનું ૨૫૭]

૧૬ આ સંબંધી અનેકાનેક પુરાવા R. P. P. C. ના ૧ લા તથા ૨ જા ભાગમાં સ્થળે સ્થળે ભરેલા છે.

૧૭ જુઓ R. P. P. C. I ૧૦૨થી ૧૧૩મા પાનાં સુધીની અંતરિક્ષજીની પેઢી( સંસ્થા )ના તે વખતના શ્વેતાંબર મુનીમ ચતુરભાઈ પુંજાસાની જુબાની. અને તેમાં રજૂ કરાયેલા વહીવટી ચોપડાઓના અઢળક પુરાવા.

For Private And Personal Use Only

નજીકમાં જ વરાડમાં રહેતા તથા ખાનદેશમાં રહેતા શ્રાવકો તે તે સમયે અવારનવાર અહીં આવતા જતા હતા અને દેખરેખ રાખતા હતા તથા હિસાબ વગેરે તપાસી લેતા હતા. તેમાં **બાલાપુર**(વરાડ)ના સા. **પાનાચંદ નથુસા**, તેમના પુત્ર શા. **હોશીલાલ પાનાચંદ**, શા. **હોશીલાલ વલ્લભદાસ**, તેમના ચિરંજીવી શા. **પુંજાસા હોશીલાલ** તથા તેમના ચિરંજીવ શા. **કિસનચંદ પુંજાસા**, તથા ખાનદેશમાં **અમલનેર**ના શા. **હીરાચંદ ખેમચંદ રઘુનાથદાસ**, **ધુલીયા**ના શા. **સખારામ દુલ્લભદાસ**, તથા **ચેવલા**ના શા. **લાલચંદ અંબાઇદાસ** અને શા. **કલ્યાણચંદ લાલચંદ** વિગેરે વિગેરે શ્રાવકો મુખ્યતયા તે તે સમયે વહીવટ સંભાળતા હતા.[૧૮]

પરંતુ જેમને પૂજારી તરીકે નીમવામાં આવ્યા હતા, અને બ્રિટિશ સરકારે વરાડનો કબજો લીધો તે પહેલાં હૈદ્રાબાદના મુસ્લિમરાજ્યકર્તા નિજામનાં રાજ્યકાળમાં ચારે બાજુ અંધાધુંધીના વખતમાં તીર્થનું રક્ષણ કરતા હતા તે મરાઠા પોલકરો જ પાછળથી તીર્થને દબાવી બેઠા હતા. ગામમાં દિગંબર શ્રાવકોનાં પચાસ–પોણોસો ઘર છે. પણ તેમનો તો ત્યાં કંઇ અધિકાર જ ન હતો.[૧૯] માત્ર દર્શન વિગેરે માટે આવતા હતા. શ્વેતાંબરોનો જ વહીવટ હતો, પણ તે દૂર વસતા હોવાથી અને જવા આવવાનાં સાધનો જૂના જમાનામાં બહુ મર્યાદિત હોવાથી પોલકરો ધીમે ધીમે ઉદ્ધત થઇ ગયા હતા, કોઇને દાદ દેતા ન હતા, અને તીર્થ પોતાની જ માલિકીનું હોય તેમ માની લઈને વર્તતા હતા. આથી તેમના હાથમાંથી તીર્થ છોડાવવા માટે શ્વેતાંબરોએ દિગંબરોનો સહકાર સાધીને **વાસિમ**ની કોર્ટમાં પોલકરો સામે ફોજદારી કેસ દાખલ કર્યો. વિ. સં. ૧૯૫૯ (ઈસ્વીસન. ૧૦–૯–

---

૧૮ પોલકરોના સમયમાં પણ ઉપર મંદિરનાં ચોકમાં વિરાજમાન ધ્વજદંડ કે જે ચાંદીના પતરાંથી મઢેલો છે તેના ઉપર પણ શ્વેતાંબરનું નામ કોતરેલું છે તે ધ્યાન ખેંચનારું છે–

**संस्थान शिरपुर अंतरिक्ष महाराज बापुसा नागोसा सावजी साकळे ओसवाळ सितंबरी हस्ते पद्मा बाई, दुकान कलमनूरी, सन १२८९ मिती चैत्र शुद्ध १०**

**કલમનૂરી** ગામ અંતરિક્ષજીથી દક્ષિણે લગભગ ૫૦ માઇલ દૂર નિજામ રાજ્યમાં આવેલું છે. અત્યારે ત્યાં શ્વેતાંબરોની વસ્તી પણ છે જ. હિંગોલીથી ૨૦ માઇલ પૂર્વદિશામાં છે. નિજામના મુસ્લિમ રાજ્યમાં ફસલી સન ચાલતો હોવાથી સન ૧૨૮૯ એટલે વિક્રમ સંવત ૧૯૩૫ સમજવાનો છે.

૧૯ આકોલા કોર્ટના ન્યાયાધીશ પણ અનેક પુરાવાઓથી સિદ્ધ કરીને, શ્વેતાંબરો જ વહીવટ કરતા હતા, દિગંબરોનો કશો અધિકાર ન હતો' એવો જ અભિપ્રાય ચુકાદા(જજમેન્ટ)માં આપ્યો છે. જુઓ—

The whole evidence therefore clearly proves that the Shwetambaris managed the affairs of the Sansthan ( संस्थान=પેઢી ) practically all alone till Sammat 1956 ( संवत १९५६ ) as alleged by them uninterruptedly and that before that period the Digambaris has hardly any hand in the management. [ R. P. P. C. I. પાનું ૨૭૬ ]

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧૯૦૩) માં તેનો ચુકાદો આવ્યો અને તીર્થ જૈનોના તાબામાં આવ્યું. આ બધા કાર્યમાં આગેવાનીભર્યો ભાગ શ્વેતાંબરોએ જ ભજવ્યો છે.

પોલકરો સાથે છેવટે એ જાતનું સમાધાન કરવામાં આવ્યું કે 'તેમના તરફથી ચાર માણસો મંદિરમાં ઝાડઝુડ, સફાઈ, પાણી લાવવું વિગેરે કામ કરે અને બદલામાં આપણા તરફથી તેમને ૨૬૧ રૂપીઆ પ્રતિવર્ષ આપવામાં આવે. ભગવાન પાસે જે કંઈ ફળ-નૈવેદ્ય-અક્ષત ધરવામાં આવે તે પણ તેમને મળે તેમજ ભગવાન પાસે ૧ થી ૧૦ રૂપીઆ સુધી મૂકવામાં આવે તે પણ તેમને (પોલકરોને) જ મળે. ૧૦ રૂપીઆથી વધારે મૂકવામાં આવે તે પેઢીમાં જમા થાય.

આથી પ્રત્યેક યાત્રાળુઓએ ભગવાનની પાસે નાણું ન ધરતાં પેઢીમાં ભરાવવું એ જ ઇચ્છનીય છે એ વાતનો ખ્યાલ રાખવો.

શ્વેતાંબર અને દિગંબરોએ સંયુક્ત થઇને તીર્થને પોલકરોના તાબામાંથી છોડાવ્યું તેથી વસ્તુતઃ અત્યાર સુધી તીર્થના વહીવટ વિગેરેમાં દિગંબરોને જે કશો જ અધિકાર ન હતો તે હવે પછી દાખલ થઈ ગયો. પછી દિગંબર-શ્વેતાંબરોની પૂજાવિધિ બહુ જુદી હોવાને લીધે પરસ્પર ઘર્ષણ-અથડામણ ન થાય તે માટે બંને પક્ષના લગભગ હજારેક જૈનોની એક મીટિંગ વિ. સં. ૧૯૬૧ (ઇસ્વીસન-૧૯૦૫) માં શિરપુરમાં મળી ત્યાં શ્વેતાંબરોએ દિગંબરોને સંતોષવા માટે તેમની સાથે મળીને બંને પક્ષના લોકોને નિયત સમયે વારા પ્રમાણે પોતપોતાની વિધિ પ્રમાણે પૂજા કરવાનો નિયમ દર્શાવતું નીચે મુજબ ટાઈમટેબલ તૈયાર કર્યું.

### શ્રી અંતરિક્ષપાર્શ્વનાથ ભગવાનના તીર્થમાં શ્વેતાંબર તથા દિગંબરોને પૂજાનો નિયત સમય દર્શાવતું

## ટાઇમ ટેબલ.

| દિવસ | સવારે ૬ થી ૯ | ૯થી ૧૨ | ૧૨થી ૩ | ૩ થી ૬ | રાત્રે ૬ થી ૮ | ૮થી ૧૦ | ૧૦થી ૧૨ | ૧૨થી ૨ | ૨ થી ૪ | ૪ થી ૬ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ગુરુવાર | શ્વેતાંબર | દિ૦ | શ્વે૦ | દિ૦ | શ્વે૦ | દિ૦ | શ્વે૦ | દિ૦ | શ્વે૦ | દિ૦ |
| શુક્રવાર | દિગંબર | શ્વે૦ | દિ૦ | શ્વે૦ | દિ૦ | શ્વે૦ | દિ૦ | શ્વે૦ | દિ૦ | શ્વે૦ |
| શનિવાર | શ્વેતાંબર | દિ૦ | શ્વે૦ | દિ૦ | શ્વે૦ | દિ૦ | શ્વે૦ | દિ૦ | શ્વે૦ | દિ૦ |
| રવિવાર | દિગંબર | શ્વે૦ | દિ૦ | શ્વે૦ | દિ૦ | શ્વે૦ | દિ૦ | શ્વે૦ | દિ૦ | શ્વે૦ |
| સોમવાર | શ્વેતાંબર | દિ૦ | શ્વે૦ | દિ૦ | શ્વે૦ | દિ૦ | શ્વે૦ | દિ૦ | શ્વે૦ | દિ૦ |
| મંગળવાર | દિગંબર | શ્વે૦ | દિ૦ | શ્વે૦ | દિ૦ | શ્વે૦ | દિ૦ | શ્વે૦ | દિ૦ | શ્વે૦ |
| બુધવાર શુદ | શ્વેતાંબર | દિ૦ | શ્વે૦ | દિ૦ | શ્વે૦ | દિ૦ | શ્વે૦ | દિ૦ | શ્વે૦ | દિ૦ |
| બુધવાર વદ | દિગંબર | શ્વે૦ | દિ૦ | શ્વે૦ | દિ૦ | શ્વે૦ | દિ૦ | શ્વે૦ | દિ૦ | શ્વે૦ |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉપરાંત એવો પણ નિયમ ઘડવામાં આવ્યો કે શ્વેતાંબરોના પર્યુષણ-પર્વના દિવસોમાં શ્રાવણ વદ ૧૦ થી ભાદરવા સુદ ૪ સુધી દિગંબરોએ સવારના ૬ થી ૯ સુધી ત્રણ કલાક જ પૂજા કરવી. બાકીના ૨૧ કલાક શ્વેતાંબર જ કરે. તે જ પ્રમાણે દિગંબરોના દશલક્ષણી ( પર્યુષણ ) પર્વના ભાદરવા સુદ ૫ થી અનંતચતુર્દશી-ભાદરવા સુદ ૧૪ સુધીના ૧૦ દિવસોમાં શ્વેતાંબરોએ સવારના ૬ થી ૯ સુધી જ પૂજા કરવી. અને બાકીના ૨૧ કલાક દિગંબરોએ કરવી.

કોઇપણ પક્ષના લોકોને ગમે ત્યારે દર્શન કરવા જવાની છૂટ છે.

ત્યારપછી બીજે વર્ષે સં. ૧૯૬૨ માં કારંજામાં બંને પક્ષની મીટિંગ મળી અને તેમાં એવો સુધારો કરવામાં આવ્યો કે આસો વદ ૧૪ ના દિવસે શ્વેતાંબરોએ સવારના ૬ થી ૯ સુધી જ પૂજા કરવી. બાકીના ૨૧, કલાક દિગંબરવિધિ પ્રમાણે તેમજ આસો વદ અમાવાસ્યાને દિવસે સવારમાં ૬ થી ૯ દિગંબર વિધિ પ્રમાણે અને બાકીના ૨૧ કલાક શ્વેતાંબર વિધિ પ્રમાણે પૂજા વિગેરે કરવું.

આ ટાઈમટેબલ અત્યારે પણ તે જ પ્રમાણે ચાલુ છે.

પરંતુ દિગંબરભાઇઓને આટલાથી પણ સંતોષ ન થયો. શ્વેતાંબરોનો બધો જ અધિકાર પડાવી લેવાની તેમની મનોવૃત્તિ થઇ. અને તેમણે પડદા પાછળ ચાલબાજી શરૂ કરી. જ્યારે જ્યારે અંતરિક્ષ ભગવાનનો લેપ ઘસાઇ જાય ત્યારે શ્વેતાંબરો ફરીથી લેપ કરાવતા હતા. પૂર્વના લેપ પ્રમાણે જ તેમણે સં. ૧૯૬૪ માં લેપ કરાવ્યો અને તેમાં કટિસૂત્ર ( કંદોરા ) અને કચ્છોટની આકૃતિ પણ પહેલાંની જેમ હતી. દિગંબરોએ ગુપ્ત રીતે આવીને કટિસૂત્ર, કચ્છોટ વિગેરે ભાગોને લોઢાના ઓજારોથી છેદી નાખ્યા-ખોદી નાખ્યા. આ ભયંકર બનાવ સંવત ૧૯૬૪ ના મહાસુદિ ૧૨ ને દિવસે ( ઇસ્વીસન-૧૨-૨ ૧૯૦૮ ) બન્યો. શ્વેતાંબરોની લાગણીને ભયંકર આઘાત પહોંચ્યો. શ્વેતાંબર મત પ્રમાણે ચક્ષુ, ટીકા તથા આભૂષણ ચડાવવામાં અને નવાંગી પૂજન કરવામાં પણ દિગંબરો તરફથી અવરોધો નાખવામાં આવ્યા. સમાધાનનો માર્ગ જ ન રહ્યો. આથી છેવટે કંટાળીને શ્વેતાંબરોએ **આકોલા** કોર્ટમાં ઇસ્વીસન ૧૯૧૦ ના ફેબ્રુઆરીની ૧૦ તારીખે દિવાની કેસ દાખલ કર્યો. આ કેસ છેવટે ઠેઠ પ્રીવી કાઉન્સીલ સુધી પહોંચ્યો. અને ત્યાંથી સને ૧૯૨૯ માં ચૂકાદો આવ્યો ત્યાં સુધી ચાલ્યો. આ કેસપરંપરાનું પ્રકરણ હવે પછીના અંકોમાં.

( અપૂર્ણ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પૂર્ણ કલા

પરમાત્મ પૂર્ણ કલા–આ વાકય ખૂબ ગહન ભાવોથી ભરેલું છે. કલા પૂર્ણ બને છે ત્યારે આત્મા, પરમાત્મા બને છે! કલા, એ આત્માનું અવિભાજ્ય અંગ છે. કલા પ્રમોદજનક નથી પણ પ્રમોદમય છે! કલા એ વાસ્તવિક દૃષ્ટિએ કારણ નથી પણ કાર્ય છે. છતાં એ કારણ નથી જ, એમ પણ ન કહેવાય, કારણ કે આ કલાની સંસિદ્ધિ બે પ્રકારે થાય છે: એક સ્થૂલ રૂપમાં ને બીજી સૂક્ષ્મ રૂપમાં—અથવા એક કારણ રૂપમાં ને બીજી કાર્ય રૂપમાં!

સ્થૂલ કલા પૂર્ણિમા જેવી છે. એ પ્રત્યેક પ્રાણીને–માનવને આહ્લાદ, સ્ફૂર્તિ, તેજસ્વિતા કલ્પનાશક્તિ અને રસાનુભવની આછી લ્હાણ પીરસે છે–કારણ કે પૂર્ણિમા એ પણ બીજના ચન્દ્રની પૂર્ણ બનેલી અભિવ્યક્ત કલા જ છે ને! અલબત્ત, એ સ્થૂલ છે, છતાં એ સુષુપ્ત હૈયાને જાગરૂક કરી શકે છે, જાગરૂક હૈયાને ઊર્મિલ બનાવે છે અને ઊર્મિલ હૈયાને મંથનના દ્વાર સુધી લઈ જઈ શકે છે. અહિં, સ્થૂલ કલાની મર્યાદા આવી જાય છે.

હવે સૂક્ષ્મ કલાનો પ્રારંભ થાય છે. મંથનની ભૂમિકામાં અટકેલી કલા અહિં પોતાનું સ્થૂલ સ્વરૂપ મૂકી, સર્જનદ્વારા પોતાની સૂક્ષ્મતા પ્રદર્શિત કરે છે. વિચાર–ભૂમિકા ત્યજી કાર્યભૂમિકામાં આવે છે–સાધન મટી સાધ્યનું રૂપ પકડે છે. કલાની સૂક્ષ્મતા જેમ જેમ વધતી જાય છે તેમ તેમ સર્જન વધુ તીવ્ર અને તિક્ષ્ણ બને છે. માનવીની ભાવના હવે મર્યાદા મૂકે છે–પ્રવાહ મટી પીંડ બને છે. માનવીની રસિકતા, જગતના વિલાસી પદાર્થોથી ઘટી, વાસ્તવિક દર્શનની શુદ્ધિ પ્રત્યે વધતી જાય છે. એવી નજર પ્રકૃતિની નક્કરતા ભણી વળે છે. વિશ્વનું વૈવિધ્ય એ શોધી કાઢે છે, બાહ્ય સૌન્દર્ય કરતાં અભ્યન્તર સૌન્દર્યનો વિપુલ વૈભવ એ નિહાળે છે અને આન્તરિક સૌન્દર્યનો માત્ર, એક અંશ જ, આ બાહ્ય સૌન્દર્યમાં છે, એવી સત્ય પ્રતીતિ એને પ્રકૃતિમૂર્તિના દર્શનથી થાય છે.

આ રીતે આ પૂર્ણ કલાના કલાધરને અનેકમાં વિશ્વૈક્યનો સાક્ષાત્કાર થાય છે. વિસંવાદમાં સંવાદ કેળવવાની મહાન્ સિદ્ધિ એને પ્રાપ્ત થાય છે. અને નિજાનન્દ અને સચ્ચિદાનન્દની ઝાંખી પણ થાય છે–આ ઝાંખી અલ્પ જ કાલ પછી નૈસર્ગિક પ્રકાશમાં ફેરવાઇ જતાં. કૈવલ્યજ્યોતનો આવિષ્કાર થાય છે, નિરતિશય અખૂટ અનન્ત આનન્દનો પ્રાદુર્ભાવ થાય છે. આનું જ નામ પૂર્ણ કલા!

આ કલા અગમ્યને ગમ્ય, અબુદ્ધને બુદ્ધ, અવ્યક્તને વ્યક્ત અને અપૂર્ણને પૂર્ણ બનાવે છે. આ કલા શાશ્વત સુખની, અનન્ત વિરાટતાની અનુભૂતિ કરાવે છે. આ કલાનો કલાધર સંસારના દુ:ખદ પ્રસંગને પણ આનન્દના ગુલાબી રંગથી રંગી શકે છે; માટે જ હું કહું છું:—આ પૂર્ણ કલા એ મારા જીવનની અજોડ સહચરી છે!

( મારા વિચારોની ટૂંક નોંધપોથીમાંથી )

ચન્દ્રપ્રભસાગર

ચિત્રભાનુ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# તત્ત્વાવબોધ.

લેખક—આચાર્ય મહારાજ શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ.

( ગતાંક પૃષ્ઠ ૨૧૮ થી ચાલુ )

૩૨

અશાતાનો ઉદય અશાતા ભોગવાઇ ક્ષય થાય છે ત્યારે ટળી જાય છે. અને વ્યાધિ શાંત થઇ જાય છે તોય દવા વિગેરે નિમિત્ત છે. અમુક પુદ્ગલો અશાતા ક્ષય કરવામાં નિમિત્ત બને છે. જેમકે પ્રભુનો વ્યાધિ કોળાપાકથી મટ્યો એમ વ્યવહારમાં કહેવાય છે. અને તે વ્યવહાર એક દૃષ્ટિએ આદરવા યોગ્ય છે. છદ્મસ્થોને તો વ્યવહાર મુખ્ય હોય છે. પ્રભુ, અમુક ટાઇમે કોળાપાકના પુદ્ગલોથી વ્યાધિ શાંત થશે અને તે પુદ્ગલોની સ્પર્શના અવશ્ય થશે જ એમ કેવળજ્ઞાનથી જાણતા હતા એટલે બીજી ઔષધિઓ ન લેતાં સમય આવ્યો ત્યારે કોળાપાક લીધો. છદ્મસ્થોને અતિશાયી જ્ઞાન ન હોવાથી ઔષધિઓ બદલવી પડે છે. તેમજ વ્યાધિ આવ્યે ઔષધિનું આલંબન લેવું જ પડે છે. જેમણે આત્મબળ સારી રીતે મેળવ્યું હોય તેમને ઉદય કનડી શકતો નથી. બાકી સામાન્ય જનતાને ઉદય બહુ જ હેરાન કરે છે. તેમાં બીજાં કર્મો કરતાં મોહનો ઉદય ઘણો જ બળવાન છે. અને તેને લઇને જ બીજા કર્મોના ઉદયો પણ બળવાન બનીને જીવને ઘણા જ હેરાન કરે છે. નિરંતર મોહનો ઉદય ચાલુ જ હોય છે. જો તેને પોષક સાધનો ન મળે તો વખતે જોર કરી શકતો નથી. પણ રસગૌરવતા, ઋદ્ધિગૌરવતા તથા શાતાગૌરવતાના આશ્રિત બનવામાં આવે તથા બાગ બંગલા, સારાં વસ્ત્રો, સારાં ભોજન, માન સન્માન આદિ વસ્તુઓનો ઉપયોગ કરવામાં આવે તો કહેવાતા ત્યાગીની પણ મોહ દુર્દશા કરી નાખે છે; માટે મોહનો ઔદયિકભાવ બહુ જ બળવાન હોય છે.

આઠ કર્મમાંથી જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય આ ચારેની તો બધીયે પાપ પ્રકૃતિઓ છે. એમાં એકે પુન્ય પ્રકૃતિ નથી. ઉપશમભાવ તો ફકત મોહનીયનો હોય છે. બાકીના કર્મોનો ક્ષાયોપશમિકભાવ તથા ક્ષાયિકભાવ હોય છે. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને મોહનીય-ત્રણે ઘાતી કર્મોના ક્ષયોપશમથી કાંઇક આત્મિક ગુણો પ્રગટ થાય છે અર્થાત આત્મિક ગુણોનો લાભ થાય છે અને અંતરાયના ક્ષયોપશમથી પૌદ્ગલિક વસ્તુઓની પ્રાપ્તિ થાય છે. અર્થાત દાનાંતરાયના ક્ષયોપશમથી પુન્યકર્મની પ્રાપ્તિ થાય છે. લાભાંતરાયના ક્ષયોપશમથી ધનસંપત્તિ પ્રાપ્ત થાય છે. અને ભોગાંતરાય-ઉપભોગાંતરાયના ક્ષયોપશમથી ભોગો તથા ઉપભોગો મેળવીને તેનો સારી રીતે ઉપયોગ કરી શકે છે. તેમજ વીર્યાંતરાયના ક્ષયોપશમથી શારીરિક શકિત મેળવે છે, માટે અંતરાયના ક્ષયોપશમથી પૌદ્ગલિક સંપત્તિ સારી મેળવીને તેના ભોક્તા બની શકાય છે. જો અંતરનો ક્ષય થાય તો આત્મિક ગુણો પ્રગટે છે. અંતરાય સિવાયના બાકીના ત્રણના ક્ષયોપશમથી ક્ષયોપશમિકભાવનાં જ્ઞાન, દર્શન તથા ચારિત્રની પ્રાપ્તિ થાય છે. મોહના ક્ષયોપશમ વગર જ્ઞાનાવરણ તથા દર્શનાવરણનો ક્ષયોપશમ થાય તો પણ જ્ઞાન-દર્શનની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રાપ્તિ થાય છે કે જે આત્માના ગુણો છે. ફરક એટલો જ રહે છે કે મોહનો ક્ષયોપશમ ન હોવાથી મિથ્યાજ્ઞાન-દર્શન કહેવાય છે. પણ એકંદરે જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને મોહનો ક્ષયોપશમ આત્મિક ગુણોને પ્રગટ કરે છે. અને ચારેનો ક્ષય થવાથી આત્માનું કેવળજ્ઞાન સ્વરૂપ સંપૂર્ણ વિકાસ પામે છે. ઘાતીકર્મના ક્ષાયિકભાવને માટે એવો નિયમ છે કે જો મોહનાયનો ક્ષય થાય તો જ બાકીના ત્રણનો ક્ષય થાય. તે સિવાય બીજાનો ક્ષાયિકભાવ હોતો નથી. મોહનો ક્ષયોપશમ હોય કે ન હોય, ઔદયિકભાવ જ કેમ ન હોય તોયે બાકીના જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાય-ત્રણેનો ક્ષયોપશમિકભાવ તો થઇ શકે છે. બાકી ચારેનો ઔદયિકભાવ તો આત્મિક ગુણોનો બાધક છે જ, માટે ઘાતીકર્મોનો ક્ષાયોપશમિક ઔદયિકભાવ કરતાં અત્યંત શ્રેષ્ઠ ગણાય. ઘાતીકર્મોનો ઔદયિકભાવ તો આત્મગુણોનો ઘાત કરનાર હોવાથી કનીષ્ઠમાં કનીષ્ઠ ગણાય.

વેદનીય, આયુષ્ય, નામ તથા ગોત્ર-આ ચાર અઘાતી કર્મોમાં કેટલીક પુન્ય પ્રકૃતિઓ પણ છે અને પાપ પ્રકૃતિઓ પણ છે. આ ચારે અઘાતી કર્મની પ્રકૃતિઓ આત્મિક ગુણોને કાંઇપણ કરી શકતી નથી. પછી તે પુન્ય પ્રકૃતિ હોય કે પાપ પ્રકૃતિ હોય. ઘાતી અને અઘાતી કર્મમાં એટલો ફરક છે કે ઘાતીકર્મના ઔદયિક, ક્ષાયિક, ઔપશમિક અને ક્ષાયોપશમિક એમ ચાર ભાવો હોય છે. અને અઘાતી કર્મના ઔદયિક તથા ક્ષાયિક બે જ ભાવ હોય છે. ઔપશમિક તથા ક્ષાયોપશમિક ભાવ અઘાતી કર્મોના હોતા નથી. અઘાતીની પુન્ય તથા પાપ પ્રકૃતિઓનો ઉદય હોય છે ત્યારે શુભાશુભ પૌદ્ગલિક વસ્તુઓની પ્રાપ્તિ થાય કે જેને મોહના ઉદયથી જીવ પોતાને સુખી અથવા તો દુઃખી માને છે-હર્ષ-શોક કરે છે. અઘાતી કર્મોનો આત્મિક ગુણો સાથે કાંઇ પણ સંબંધ હોતો નથી. અને એટલા માટે જ આત્મિક ગુણ વિકાસ પામ્યા પછી પણ ચારે કર્મ વિદ્યમાન હોય છે અને શુભાશુભ પ્રકૃતિઓનો ઉદય પણ હોય છે, છતાં આત્માને તેની કાંઇપણ અસર થતી નથી. ચાર અઘાતી કર્મમાં તો પુન્ય પ્રકૃતિનો ઉદય સારો ગણાય. બાકી ક્ષાયોપશમિક ભાવ તો હોતો નથી. જો ક્ષાયિકભાવ થાય ત્યારે તો આત્માને મુક્ત દશા પ્રાપ્ત થવાથી સર્વ શ્રેષ્ઠ ગણાય. ઘાતીકર્મના ક્ષયથી કેવળજ્ઞાનની જ પ્રાપ્તિ થાય છે પણ અઘાતીના ક્ષયથી તો મોક્ષ પ્રાપ્ત થાય છે; માટે જ અઘાતીનો ક્ષાયિકભાવ ઘાતીના ક્ષાયિક કરતાં પણ શ્રેષ્ઠ છે.

ક્ષાયોપશમિક ભાવ પૌદ્ગલિક અને ઔપશમિકભાવ અપૌદ્ગલિક કહ્યો હતો તે ફક્ત દર્શન મોહનીયને આશ્રયીને હતો; માટે જો દર્શનમોહનો ઔદયિકભાવ કરતાં ક્ષાયોપશમિક ભાવ શ્રેષ્ઠ જ ગણાય. મોહનો ઔદયિકભાવ તો કનીષ્ઠમાં કનીષ્ઠ છે. ક્ષાયોપશમિક કરતાં ઔપશમિક અપૌદ્ગલિક હોવાથી શ્રેષ્ઠ છે. બાકી ઘાતી કર્મમાં તો બધાયનો ઔદયિક ભાવ ઘણો જ કનીષ્ઠ જાણવો.

૩૩

સંસારની પરિસ્થિતિ જ એવી છે. સંસારમાં તાત્ત્વિક શાંતિ તો હોતી જ નથી. કાલ્પનિક હોય છે અને એટલા માટે જ પાછી અશાંતિ થઇ જાય છે, માટે અશાંતિ તથા અસુખસ્વરૂપ સંસાર છે. જ્યાં સુધી મોહનીયનો ક્ષયોપશમ કે ઉપશમભાવ નથી ત્યાં સુધી સાચું સુખ તથા શાંતિ આત્માને મળી શકતી નથી. જ્યાં સુધી ઔદયિકભાવ હોય છે ત્યાં સુધી બહારની ગમે તેટલી શાંતિ હોય તોયે તે અશાંતિ જ કહી શકાય. માનવી વૈષયિક સુખોના બાધક પ્રસંગોથી અશાંતિ અને સાધક પ્રસંગોથી શાંતિનો અનુભવ કરે છે, પણ તે બધી તેની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અજ્ઞાનતા જ છે. ઔદયિકભાવે વૈષયિક સુખોની અનુકૂળતા મળવાથી જીવ પોતાને સુખી માને છે અને પરમ શાંતિ અનુભવે છે, પણ પરિણામે તો તે દુઃખ તથા અશાંતિનો જ ભોક્તા બને છે. મોહનીયનો ઉપશમભાવ હોય તો બીજા કર્મોનો તીવ્ર ઉદય પણ આત્માને અશાંતિ–ઉદ્વેગ કે દુઃખ આપી શકતો નથી. અશાતારૂપ દ્રવ્ય વ્યાધિ તો માત્ર દેહને નુકશાન પહોંચાડે છે, પણ મોહના ઉદયરૂપ ભાવ વ્યાધિ આત્માનું અહિત કરે છે. અધ્યવસાયની શુદ્ધિ થવા દેતો નથી. અધ્યવસાયની શુદ્ધિ વગર આત્માનું હિત થઇ શકતું નથી. અશાતા વેદની તો આજે છે ને કાલે નથી અર્થાત્ કોઇ પણ વ્યક્તિ જન્મથી લઇને મરણ પર્યંત વ્યાધિગ્રસ્ત રહેતો નથી. ઘણા માણસો એવા છે કે જેમને રોગ ભાગ્યેજ થાય છે. વર્ષો સુધી ઘણાઓનું માથું પણ દુઃખતું નથી. આ પ્રમાણે વ્યાધિ તો જીવનમાં કોઇ કોઇ વખત જ આવે છે. પણ મોહના ઉદય વગરનો કોઇ પણ જીવ નથી અને મોહના ઉદયરૂપ ભાવરોગ જન્મથી લઇને મરણ પર્યંત સંસારના જીવ માત્રને હોય છે. વર્તમાન કાળમાં જ્યારે દર્શનમોહનો ઔપશમિક ભાવ પ્રાપ્ત થવો દુર્લભ છે તો પછી ચારિત્ર-મોહનો ઉપશમભાવ કયાંથી હોઇ શકે ? બાકી ઉપરથી દેખાવ માત્ર તો કરવાવાળા ઘણાં હોય છે, તેથી કાંઈ આત્મા વિકાસી બની શકે નહિ તો પણ બહારથી સાચી રીતે જળવાય અને શુભ પ્રવૃત્તિ બની રહે તોયે ઠીક છે. કાંઇક પુન્ય બંધાય છે અને તે પુન્યથી ભવાંતરમાં કાંઇક સુખ મળી શકે છે. અને આગળ વધવાને માટે સાધન સામગ્રી મળવાનો પણ સંભવ રહે છે. માટે બહારથી સારી પ્રવૃત્તિ આદરવામાં પણ લાભ જ છે. પણ તેમાં આ લોક સંબંધી માન–મોટાઇ કે બીજા તુચ્છ સ્વાર્થની ભાવના ન હોવી જોઇએ. નહિ તો કેવળ બહારની પ્રવૃત્તિથી પુન્ય બાંધવામાં પણ શંકા જેવું જ રહે છે.

આવી રીતે વિચાર કરતાં સમજાય છે કે–ભાવ રોગ મટાડવાને પ્રયાસ કરવાની ઘણી જ જરૂરત છે. અને તે મોહના ઉપશમ સિવાય બની શકે જ નહિ. દ્રવ્ય રોગને માટે વૈદ્યો છે અને ઔષધિ પણ છે, પરંતુ ભાવ રોગ મટાડવાને વર્તમાન કાળમાં વૈદ્ય નથી અને ઔષધે નથી અને જે ઔષધ છે તે પુસ્તકોમાં લખેલા છે. પણ કોઇ અનુભવી વૈદ્ય વગર તેનું રહસ્ય જાણીને ઉચિત રોગનું ઉચિત ઔષધ કોણ આપી શકે ? પોતાની મેળે જ ભાવ રોગોની દવા પુસ્તકોમાંથી વાંચીને પોતાની મેળે જ કરવાની રહી તે બરાબર થઇ શકતી નથી.

ભગવાને આ કાળ માટે સર્વથા નિરોગી બનવાનો (મુક્તિ–કેવળજ્ઞાન) નિષેધ કર્યો તેનું કારણ એ જ કે કોઇ પણ અનુભવી વૈદ્ય ન હોવાથી દવાઓ હોવા છતાં પણ તેનો ઉપયોગ ન થવાથી કોઇ પણ ભાવરોગથી મુકાશે નહિ. તોયે કાંઇક ઉપશમ ભાવવાળાં પુસ્તકોમાં લખેલા ભાવ ઔષધોનો ઉપયોગ સાચી રીતે સમજીને તે દવા વાપરીને કાંઇક અંશે ભાવ-રોગથી મુકાશે જ.

૩૪

જ્ઞાનીઓની દૃષ્ટિમાં નિર્માણ થયેલી ક્ષેત્ર-સ્પર્શના અવશ્ય પૂરી કરવી પડે છે, જે સમયે જે ક્ષેત્રની સ્પર્શના હોય તે સમયે તેવા જ પ્રકારના પ્રસંગો ઉપસ્થિત થાય છે કે જેથી માનવીને તે ક્ષેત્રમાં જવું જ પડે છે. તેમાં માનવીના સંકલ્પોને પ્રધાનતા અપાતી જ નથી. અર્થાત માનવીના સંકલ્પો ક્ષેત્રસ્પર્શનાને બદલી શકતા નથી. માનવી સંકલ્પ કરવામાં સ્વતંત્ર છે. પણ સંકલ્પની સિદ્ધિ માટે પરતંત્ર છે. માનવી મનગમતા સાધ્યની સિદ્ધિ માટે સંકલ્પ કરી પ્રવૃતિ આદરે છે. પણ તે પ્રવૃતિ નિર્માણ થયેલા ભાવી તરફ ઘસડી જાય છે કે જે ભાવી માનવીના સંકલ્પમાં હોતું જ નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માનવીને ગમે કે ન ગમે તોપણ ભાવી ભાવને આધીન જરૂર થવું જ પડે છે. જો માનવીના બધાય સંકલ્પો પ્રમાણે સિદ્ધિ પ્રાપ્ત થઈ જાય તો તે પોતાનેજ પ્રભુ માનવા મનાવવા તૈયાર થઈ જાય. પણ તેમ બની શકતું નથી. એટલે માનવી પ્રભુનો તથા પ્રારબ્ધનો આદર કરે છે અને વિનય તથા નમ્રતાનો આશ્રય લે છે. અપ્રમત્ત ( સાવધાન ) મહાપુરુષો જ પ્રારબ્ધને નબળાં પાડી શકે છે જેથી કરી આત્માને મુંઝવી નાખી તેની સમ્યગ્ જ્ઞાનાદિ સંપત્તિ પડાવી લેવા ઉપસ્થિત કરેલા પ્રસંગોથી મહાપુરુષો મુંઝાતા નથી. અને પોતાની સમ્યગ્જ્ઞાનાદિ સાચી સંપત્તિનું રક્ષણ કરી શકે છે. બાકી પ્રમાદી (અસાવધાન) માનવીઓને તો પ્રારબ્ધ ( મોહનીય ) મુંઝવી નાખીને તેમની સાચી સંપત્તિ છીનવી લે છે. સમ્યગ્જ્ઞાની ઉત્તમ પુરુષો સિવાયનું આખું ય જગત પરાધીન પડયું છે એટલે મુંઝાઇ રહ્યું છે અને પોતાની સાચી સંપત્તિ ખોઇ રહ્યું છે, માટે માનવીઓએ પ્રારબ્ધોએ ઉપસ્થિત કરેલા પ્રસંગોમાં દ્રષ્ટા તરીકે રહેવું જોઇએ. પણ કર્તા કે ભોક્તા તરીકે સંકલ્પ સરખોયે ન કરવો જોઈએ. જે માનવી જગતમાં દ્રષ્ટા તરીકે રહે છે તેને અશાંતિ–દીલગીરી કે કોઈ પણ પ્રકારની મુંઝવણ થતી નથી જેથી કરીને પોતાની સાચી સંપત્તિ બચાવીને સંપૂર્ણ સાચો શ્રીમંત બની શકે છે અને મોહની ઉપર વિજય મેળવીને સાચી સ્વતંત્રતા મેળવી શકે છે.

૩૫

સો વરસ જીવવાની ઇચ્છા રાખી પણ જેટલું જીવાય તેટલું સાચું અને સુખશાંતિથી જીવાય એટલે હજાર વરસ જીવ્યા છીએ એમ માનવાથી ઘણો જ સંતોષ મળશે. આત્મોપયોગી જીવન થોડું પણ ઘણું જ છે. પૌદ્ગલિક વસ્તુ–પૈસા માટે ગૃહસ્થો ચોવીશે કલાક ધંધામાં રાચ્યામાચ્યા રહે છે. છતાં બધા ય ક્રોડપતિ નથી બનતા તોયે હજારોપતિ બને જ છે. તેવી જ રીતે આત્મિક પોતાની વસ્તુ અનંત-ચતુષ્ટય માટે આપણે ચોવીશે કલાક આત્મહિતના વ્યવસાયમાં વળગ્યા રહીશું તો કદાચ મનઃપર્યવ કે કેવળજ્ઞાન નહિ મળે પણ સમ્યગ્–દર્શન આદિ મેળવીને આત્માને સાચો શ્રીમંત બનાવી શકીશું.

આત્મહિત માટે વીર્ય ફોરવી બનતો પ્રયાસ કરવો. પછી જેટલું મળે તેટલું મેળવી હાલ તો સંતોષ માનવો કારણ કે કાળબળથી વર્તમાન કાળમાં કર્મની પ્રાબલ્યતા વધારે છે, એટલે વધારેમાં વધારે છઠ્ઠા ગુણસ્થાનની પ્રાપ્તિ સુધીની અધ્યવસાયની શુદ્ધિ થઇ શકે છે. એટલી શુદ્ધિ તો કોઇક વિરલ જીવ જ મેળવી શકે છે માટે દર્શનશુદ્ધિ થઇ જાય તો યે પંચમકાળમાં ઘણું જ મેળવ્યું છે તેમ માની ખુશી થવા જેવું છે. દર્શનશુદ્ધિ જેટલી પણ અધ્યવસાયની શુદ્ધિ થઇ જાય તો માનવ જીવન સફળ માની શકાય.

---

**કોઈની પાસે માગી–ભીખીને ખાતાં જેને શરમ લાગે છે તેવી જ શરમ આપણી શક્તિ છતાં પુસ્તકો માગવામાં થવી જોઇએ. પોતાના આનંદ–વૈભવમાં જે પ્રજા પુસ્તકો અને પુસ્તકાલયોનો સમાવેશ કરે છે તે પ્રજા કોઈક દિવસ પણ જ્ઞાનની સાચી પિપાસા વશાવનારી થઇ શકે. ગૃહસજાવટમાં જે સ્થાન અરીસાનું છે તે સ્થાન પુસ્તકને મળવું જોઇએ.**

**" અખંડ આનંદ "માંથી**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## શ્રીમદ્ દેવચંદ્રજીકૃત વીશ વિહરમાન સ્તવન મધ્યે.

# ઓગણીશમા શ્રી દેવજસાજિન સ્તવન.

### સ્પષ્ટાર્થ સાર્થ.

સં.–ડોક્ટર વલ્લભદાસ નેણસીભાઇ–મોરબી.

દેવજસા દરિશણ કરો,
વિઘટે મોહ વિભાવ લાલ રે,
પ્રગટે શુદ્ધ સ્વભાવતા,
આનંદ લહરી દાવ લાલ રે.
દેવજસા. (૧)

**સ્પષ્ટાર્થ:**—સર્વ કર્મકલંકથી રહિત, અત્યંત પવિત્ર તથા અનંત જ્ઞાન–દર્શન આદિ અભ્યંતર લક્ષ્મીયુક્ત, ચાર નિકાયના દેવ તથા ઇંદ્રાદિનો સમૂહ જેનો અનુપમ યશવાદ બોલે છે એવા શ્રી દેવજસા પ્રભુનું હે ભવ્યાત્માઓ ! દર્શન કરો, તે પૂજ્ય ભગવંતના સ્વરૂપનું સમ્યક્પ્રકારે અવલોકન કરો, જેથી અનાદિથી વળગેલા અજ્ઞાન, મિથ્યાત્વ, મોહ વિગેરે દુઃખદાયક વિભાવ સમૂલ નાશ પામે તથા જેમાંથી નિરંતર પરમાનંદના કલ્લોલો પ્રગટ્યા કરે એવો સવરપૂરે ભરેલો પવિત્ર રત્નનિધાન શુદ્ધાત્મ સ્વભાવ પ્રગટ થાય. એવા આપના પ્રત્યક્ષ દર્શનની હે પ્રભુ ! મને અત્યંત અભિલાષા છે. પરંતુ.

સ્વામી વસો પુષ્કરવરે,
જંબૂ ભરતે દાસ લાલ રે.
ક્ષેત્ર વિભેદ ઘણો પડ્યો,
કેમ પહોંચે ઉલ્લાસ લાલ રે,
દેવજસા. (૨)

**સ્પષ્ટાર્થ:**—હે ભગવંત ! આપ તો પુષ્કલાવર્ત વિજયમાં વિચરો છો અને આપના દર્શનનો અભિલાષી સેવક હું જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં વસું છું, એમ આપના તથા મારા સ્થાનકને ઘણું અંતર છે તેથી આપના પ્રત્યક્ષ દર્શનની મારી મનોકામના શી રીતે પૂર્ણ થાય ?

પ્રકારાંતરે–હે ભગવંત ! જ્યાં કર્મકલંકનો રંચ માત્ર પણ પ્રવેશ નથી એવા પવિત્ર જ્ઞાનાદિ લક્ષ્મીના નિવાસરૂપ દેહરહિત અરૂપી સિદ્ધક્ષેત્રે આપ વિરાજમાન છો અને હું સેવક કર્મકલંકવડે મલિન, અજ્ઞાન અને મોહ અંધકારવડે ભરપૂર સંસારક્ષેત્રમાં પરિભ્રમણ કરું છું, એમ આપના તથા મારા ક્ષેત્રમાં અત્યંત અંતર પડ્યો છે, તો આપના પ્રત્યક્ષ દર્શનની મારી મનોકામના શી રીતે પૂર્ણ થાય ?

હોવત જો તનુ પાંખડી,
આવત નાથ હજૂર લાલ રે;
જો હોતી ચિત્ત આંખડી,
દેખત નિત્ય પ્રભુ નૂર લાલ રે.
દેવજસા. (૩)

**સ્પષ્ટાર્થ:**–પણ હે ભગવંત ! જો મારા શરીરે પાંખો હોત તો હું તે પાંખોવડે ઊડી પુષ્કલાવતી વિજયમાં આપ પ્રભુના સમીપ આવી આપનું દર્શન, વંદન કરત અથવા જો મને ચિત્ત આંખડી અર્થાત જ્ઞાન–નેત્ર અવધિદર્શન હોત તો અહિંયા રહીને પણ ચોત્રીશ અતિશય અને અષ્ટમહાપ્રાતિહાર્યાદિક વિભૂતિ સહિત આપના તેજસ્વી રૂપને હમેશાં નિરખ્યાં કરત.

પ્રકારાંતરે:–હે ભગવંત ! જો મારા આત્મા અંગે સમ્યક્ ચારિત્રરૂપ પ્રબળ પાંખો હોત તો તે પાંખો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વડે ચિદાકાશમાં ઉડતો વિહાર કરતો. આપ જ્યાં વસો છો એવા વિદેહ-દેહ રહિત સિદ્ધક્ષેત્રમાં આપ સમીપ આવી હાજર થાત 'અથવા જો કદાચ ચિત્ત આંખડી કહેતાં કેવલદર્શન હોત તો આ ક્ષેત્રમાં રહીને પણ અનંત જ્ઞાન, દર્શન આદિ અત્યંત અભ્યંતર વિભૂતિ યુક્ત આપના લોકાલોકપ્રકાશક અનંત પ્રકાશ યુક્ત મહાન્ તેજસ્વી સ્વરૂપને નિરંતર નિરખ્યા કરત પણ તે બન્ને શક્તિઓથી હું રહિત છું તો આપનું દર્શન કેમ પામું ?

શાસન ભક્ત જે સુરવરા,
વિનવું શીષ નમાય લાલ રે;
કૃપા કરો મુજ ઉપરે,
તો જિનવંદન થાય લાલ રે.
દેવજસા. ( ૪ )

**સ્પષ્ટાર્થ**:-ઉપર પ્રમાણે મારામાં દેવજસા પ્રભુનું દર્શન પામવાની શક્તિ નહિ હોવાથી જિનશાસનના ભક્ત હે મહાન્ દેવો ! હું આપની સહાય ચાહું છું, મસ્તક નમાવી વિનંતિ કરું છું કે-જો આપ મારા ઉપર કૃપા કરી જો આપના સામર્થ્યવડે દેવજસા પ્રભુ પાસે મને લઇ જાઓ તો તે પ્રભુના દર્શન, વંદનનો મને લાભ મળે.

પ્રકારાંતરેઃ-ઉપર પ્રમાણે સમ્યક્ ચારિત્રરૂપ પાંખો અથવા કેવલદર્શનરૂપ આંખો મને નહીં હોવાથી દેવજસા પ્રભુનું દર્શન, વંદન કરવામાં જિન-શાસન અર્થાત્ જિનેશ્વરની આજ્ઞાનું પાલન કરનારા તથા બીજાને તેમાં જોડનારા હે સૂરિવરો અર્થાત્ મહાન આચાર્યો ! હું આપને મસ્તક નમાવી અંતરંગ બહુ સન્માન( વિનય )યુક્ત વિનંતિ કરું છું કે-જો આપ મારા ઉપર કૃપા કરો, મને સમ્યક્ ચારિત્રમાં જોડો તો હું તે ચારિત્રરૂપ પાંખવડે શ્રી દેવજસા પ્રભુની સમીપ જઇ શકું. તે પ્રભુના પ્રત્યક્ષ દર્શનનો મને લાભ મળે.

પૂછું પૂર્વ વિરાધના,
શી કીધી ઇણે જીવ લાલ રે;
અવિરતિ મોહ ટલે નહીં,
દીઠે આગમ દીવ લાલ રે. દેવજસા. (૫)

**સ્પષ્ટાર્થ**:—હે પ્રભુ ! આ મારા જીવે પૂર્વે આત્મધર્મની કેવી તીવ્ર વિરાધના કરી છે કે આત્મ અનાત્મનું સ્વરૂપ યથાર્થ પ્રકાશ કરનાર જિનાગમરૂપ દીપકની પ્રાપ્તિ થયા છતાં પણ પંચેન્દ્રિયના વિષય જે પુદ્ગલ પરિણામ તે ઉપર રાગરૂપ અવિરતિ તથા સ્વપર જીવનો દ્રવ્યભાવ પ્રાણ હણવારૂપ હિંસા, તથા ક્રોધાદિક કષાય વિગેરે આત્મભાવને અત્યંત અપ્રશસ્ત તથા દુઃખદાયક પરિણામ હજુ સુધી ટળતા નથી.

આતમ શુદ્ધ સ્વભાવને,
બોધન શોધન કાજ લાલ રે;
રત્નત્રયી પ્રાપ્તિતણો,
હેતુ કહો મહારાજ લાલ રે. દેવજસા. (૬)

**સ્પષ્ટાર્થ**:—કર્મકલંક રહિત શુદ્ધાત્મ તત્ત્વનું સ્વરૂપ યથાર્થપણે જે વડે જણાય તથા અનાદિથી વળગેલા મિથ્યાત્વ-અજ્ઞાન-કષાયાદિ વિભાવનો સર્વથા અભાવ થઇ જે વડે મારો આત્મા કર્મકલંકથી રહિત પરમ પવિત્ર થાય તે સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન, સમ્યક્ચારિત્રરૂપ રત્નત્રયીની પ્રાપ્તિ શી રીતે થાય તે કરુણા કરીને કહો.

તુજ સરીખો સાહેબ મિલ્યો,
ભાંજે ભવ ભ્રમ ટેવ લાલ રે;
પુષ્ટાલંબન પ્રભુ લહી,
કોણ કરે પર સેવ લાલ રે. દેવજસા. (૭)

**સ્પષ્ટાર્થ**:—સમસ્ત દૂષણોથી રહિત પરમ પવિત્ર અનંત ગુણનો નિધાન, લોકાલોકપ્રકાશક, રત્નત્રયની પ્રાપ્તિ કરાવી અનાદિથી લાગેલી ભવભ્રમણની ટેવથી મુક્ત કરનાર, ભવસમુદ્રથી તારવામાં પુષ્ટાલંબનરૂપ આપ ભગવંતનું દર્શન પામ્યા પછી અન્ય દર્શની કુદેવાદિકનું કોણ સેવન કરે ? કલ્પવૃક્ષને ત્યાગીને ધતુરાને કોણ સેવે ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# "સંપૂર્ણ બ્રહ્મચર્ય વિના પ્રભુપ્રાપ્તિ અશક્ય છે"

કોઇ પણ ઇંદ્રિયનો ઇંદ્રિયના સુખને માટે ઉપયોગ થાય તો સમજવું કે તે તેટલો બ્રહ્મથી દૂર છે.

જેનું સુખ માત્ર બ્રહ્માનંદ છે, તે જ સાચો બ્રહ્મચારી છે, તે બીજી કોઇ વસ્તુની સ્પૃહા રાખતો નથી, કારણ કે બધું જ તેની પાસે છે. જે નથી તે ઘણું જ ઊતરતું છે.

સત્ય અંતરમાં છે. બહારનાં કર્મો માત્ર અગારો છે.

જે તેને માટે જીવે છે તેનાથી તે દૂર નથી, જે પોતાને માટે જીવે છે તેની અંદર તે હોવા છતાં તેને તેની ઝાંખી થતી નથી.

તમારી સર્વ શક્તિ તેને ચરણે ધરો, તમે આંધળા હશો તો તમારા ચક્ષુ બની તમોને દોરશે, તમે અપંગ હશો તો તમારા પાય બની ઊઠાવશે, તમે બધિર હશો તો તમારા કાન બની તે સાંભળશે.

જ્યાંસુધી કંઇ કરવાની ઇચ્છા છે ત્યાંસુધી સુખ અને દુઃખ છે. કર્મનું શુભ પરિણામ આવતાં સુખનો અનુભવ થશે, અશુભ આવતાં દુ:ખ.

જ્યાંસુધી અહમ્ છે ત્યાંસુધી કાંઇ ને કાંઈ કરવાની વૃત્તિ રહેવાની જ.

જ્ઞાન પ્રકાશ છે, અજ્ઞાન અંધકાર છે;
જ્ઞાન મુક્તિ છે, અજ્ઞાન બંધન છે.

જ્ઞાન વગર કર્મ નિસ્તેજ છે. કર્મો ગમે તેટલાં શુભ કાં ન હોય, પણ જો તે જ્ઞાન-પૂર્વકનાં નહીં હોય તો તે બંધનરૂપ જ છે.

જે જગતને જોતો નથી પણ પ્રભુને જુએ છે તે જ સાચો ભક્ત છે. જે જગત માટે જીવતો નથી, પણ પ્રભુ માટે જીવે છે તે જ ભક્ત છે.

જ્ઞાન અંધાર પંથે પ્રકાશ કર્મ તમારામાં રહેલી શક્તિ છે

ભક્તિ આનંદનું અમી ઝરણુ છે.

ગુરુ તમારો ઉદ્ધાર કરવાને અશક્ત છે, શક્ય હોત તો ક્યારનો ય કરી દીધો હોત, તમારે તમારો ઉદ્ધાર તમારી જાતે જ કરવાનો છે.

ગુરુ તમારા અંધાર પંથે દીપક છે. એ તમોને માર્ગ બતાવશે, આંગળી ચીંધશે, પણ ડગલાં તો તમારે દેવાનાં છે.

---

દીનદયાલ કૃપાલુઓ,
  નાથ ભવિક આધાર લાલ રે;
દેવચંદ્ર જિનસેવના,
  પરમામૃત સુખકાર લાલ રે. દેવજસા. (૮)

**સ્પષ્ટાર્થ:**—સંસારમાં ભ્રમણ કરતાં અનેક પ્રકારના દુઃખ સહતા જ્ઞાનાદિક લક્ષ્મી રહિત દીન–કંગાલ જીવો ઉપર અત્યંત કરુણા કરી, મોક્ષમાર્ગે દોરનાર હોવાથી, હે પ્રભુ! આપ જ દીન દયાલ છો, તથા કૃપાલુઓ કહેતાં કૃપાના આલય (નિધાન) છો, દીન અનાથ જીવોના નાથ છો, સંસારસમુદ્રમાં ડૂબતા ભવ્ય જીવોને ઉદ્ધારવા માટે આપ પુષ્ટ અવલંબન છો, સર્વે દેવોમાં ચંદ્રમા સમાન હે દેવજસા પ્રભુ! આપની સેવના સર્વોત્કૃષ્ટ અમૃત સમાન પરમાનંદ દાતાર તથા શિવસુખની કરનાર છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વર્તમાન સમાચાર

### વડીદીક્ષા.

પાલણપુરમાં યુગવીર આ. શ્રીમદ્ વિજયવલ્લભ સૂરીશ્વરજી મહારાજ, આ. શ્રી વિજય કસ્તુરસૂરિજી મહારાજ, પં. સમુદ્રવિજયજી, પંન્યાસજી શ્રી પૂર્ણાનંદવિજયજી આદિ બહોળા સમુદાય તેમજ સાધ્વીજીયોનો વિશાલ સમુદાય બિરાજમાન છે. સંઘમાં દરરોજ નિયમિત આચાર્યશ્રીજી મહારાજ મધુર હિન્દી ભાષામાં વ્યાખ્યાન કરે છે. બપોરે સાધુ સાધ્વીજિયોને વાંચના અપાય છે.

### સંક્રાન્તિ.

બીજા અષાડ સુદિ પ્રતિપદાએ સંક્રાન્તિ હોવાથી પંજાબ, મારવાડ, યુ. પી. આદિથી સાધર્મિક ભાઇઓ પણ પધાર્યાં હતાં અને સવારે આચાર્યશ્રીજીએ સ્તોત્રો સંભળાવી શ્રાવણની સંક્રાન્તિ સંભળાવી હતી. આ માસમાં આવતા કલ્યાણકો આદિ જૈન પર્વોના નામો સંભળાવ્યા હતા.

### વડી દીક્ષા.

સંક્રાન્તિ સંભળાવ્યા પછી આચાર્યશ્રીજીની અધ્યક્ષતામાં મુનિશ્રી હ્રીંકારવિજયજી અને મુનિશ્રી સદાનંદવિજયજી તેમજ સાધ્વીશ્રી ચિંતામણીશ્રીજી, ચિદાનંદશ્રી અને ચિતરંજનશ્રીજીને વડી દીક્ષા આપવામાં આવી હતી. વડી દીક્ષા થયા પછી આચાર્યશ્રીજીએ ઉપદેશ આપ્યો હતો, અને પછી ચતુર્વિધ શ્રી સંઘ સહિત મોટા દહેરાસરે દર્શન કરવા પધાર્યા હતા. મુનિશ્રી હ્રીંકારવિજયજીને પંન્યાસ પૂર્ણાનંદવિજયજીના શિષ્ય અને સદાનંદવિજયજીને

---

તેલ હોય, વાટ હોય, પણ દીવો ચેત્યો સાંભળ્યો નથી, એને સળગાવવાને ચિનગારી જોઇએ, ચિનગારી ભલે પછી સળગી દૂર હટી જાય, પણ એક વાર પ્રજ્વલિત બનેલી જ્યોત બુઝાતી નથી. આવી ચેતન ચિનગારી એ જ સાચા ગુરુ, જ્ઞાન તમારી અંદર છે. સદ્‌ગુરુ અને સારાં પુસ્તકો અંગારા ઉપરની રાખને ઉડાડી આગને પ્રજ્વલિત કરે છે. દીપક જલતો હોય, પણ આપણો અનુભવ છે કે જો સંકોરનાર ન હોય તો દીપ બુઝાઇ જવાનો, ગુરુ સંકોરણું બની પ્રત્યેક ક્ષણે વાટને સંકોરે છે, સદ્‌ગુરુ-પ્રાપ્તિ એ અડધો આત્મ–સાક્ષાત્કાર છે, તમારો પુરુષાર્થ તે પૂર્ણ કરશે.

જે કોઇથી બીતો નથી; જેનાથી કોઇ બીતું નથી તે જ સાચો અભયી છે. તમે મધ્ય રાત્રિએ શ્મશાનમાં ફરી શકતા હો, ગમે તેવું સાહસનું કાર્ય કરી શકતા હો, એથી એમ ન માનતા કે તમે અભયી છો ? ઘણીવાર ટેવ અને આવેગથી તમે ભય પર જય મેળવી શકો છો. અભયી તે છે કે જેને આવતી ક્ષણની ચિંતા નથી. જે પરિગ્રહી છે તે અભયી હોઇ શકે જ નહીં. કાલનો જેને ડર છે, તે જ પરિગ્રહ કરવાને પ્રેરાય છે. જેણે આત્મસ્વરૂપનો અનુભવ કર્યો છે તે એક માત્ર સાચો અભયી છે.

વિશ્વપ્રેમનો અનુભવ કરવો હોય તો જગતને આત્મદૃષ્ટિથી ચાહો, તે અમુક છે, માટે નહી, તે આવો છે માટે નહી, તે મિત્ર છે માટે નહી, પણ તે આત્મા છે માટે ચાહો.

તમારી આંખની કીકી કાળી છે તે સંકુચિત છે, તેની દૃષ્ટિ પણ પર્યાપ્ત છે, તો તમે સ્થૂલ ચક્ષુ બંધ કરી જ્ઞાન–ચક્ષુથી જગતને જોવાનો પ્રયત્ન કરો. ત્યાં તમોને મનુષ્ય, પ્રાણી, પાષાણ કે પહાડો નહીં દેખાય, સર્વત્ર વિશાળ ઉદધિ તરંગે નર્તતું ચેતન સ્વરૂપ નજરે પડશે.

**કમળા રતનચંદ સુતરીઆ**, એમ. એ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પં. સમુદ્રવિજયજીના શિષ્ય તેમજ સાધ્વી ચિંતામણીશ્રીજી, ચિદાનંદશ્રીજીને સાધ્વીજી શ્રી ચિત્તશ્રીજીના શિષ્યા અને ચિત્તરંજનશ્રીજીને ચિદાનંદશ્રીજીની શિષ્યા તરીકે જાહેર કર્યા હતા. મુનિશ્રી હીંકારવિજયજીના માતાપિતા શ્રીયુત કમચંદજી બાફણા સાદડીથી અને ઉરમડા પંજાબથી આવેલા મુનિશ્રી સદાનંદવિજયજીના ગૃહસ્થાવસ્થાના પુત્રો રોશનલાલજી, રાજેન્દ્રકુમારજી અને પુત્રવધુ તેમજ મોટાભાઈ ફેરૂમલજી, અને લાલા સરહંદીલાલજીની આવ્યા હતા જે ધ્યાન ખેંચનારી બીના હતી.

પહેલે દિવસે કલકત્તાનિવાસી શેઠ સોહનલાલજી કરણાવટની તરફથી ચારિત્ર પૂજા ભણાવવામાં આવી અને તેમણે મહોત્સવ ખાતે બસો રૂપિયા પણ આપ્યા. મુનિશ્રી સદાનંદવિજયજી ગૃહસ્થાવાસમાં એયાપુર ઉરમડા (પંજાબ)ના રહીશ અને લાલા ખુશીરામજી એમનું નામ હતું. ગરિબોને ઔષધી આદિથી સહાય કરનાર હતા. એઓની ત્રણ ચાર વર્ષથી દીક્ષા લેવાની ભાવના હતી. આ વર્ષે ચૈત્ર માસથી સપત્ની અને સુપુત્રી સાથે બે ત્રણ માસ શ્રી સિદ્ધાચલજી, ગિરનારજી, આબુજી આદિ તીર્થોની યાત્રા કરી હતી. પહેલા આષાઢ વદિ ૧૧ અગિયારસે પંન્યાસજી સમુદ્રવિજયજીના વરદ હસ્તે સરોતરા ગામે ધામધૂમથી પોતાની મોટી શાળી વાલકોરબેન અને ધર્મપત્ની તેજકોરબેન તેમજ પુત્રી પ્યારીસુંદરી સાથે દીક્ષા લીધી. વરઘોડો, સાધર્મિકવાત્સલ્ય વગેરે ખર્ચ તેમણે જ કર્યો હતો. એઓના સુપુત્રો લાલા રોશનલાલજી અને રાજેન્દ્રકુમારે પોતાના પિતાજી, માતાજી અને બ્હેન, માસીની દીક્ષા નિમિત્તે બે હજાર રૂપિયા પાલીતાણામાં બનતી પંજાબી ધર્મશાલામાં આપ્યા અને બે હજાર જુદા જુદા ખાતાઓમાં આપ્યા હતા. આ રીતે લેવાયેલી દીક્ષા ઘણી પ્રશંસનીય ગણાય.

## શેઠ કેશવલાલભાઇ વજેચંદ ખંભાતવાળાનો સ્વર્ગવાસ

શેઠ કેશવલાલભાઈ વજેચંદભાઇનું ૪૩ વર્ષની વયે ખંભાતખાતે તા. ૧૬-૬-૫૦ નાં રોજ શોકજનક અવસાન થયું છે.

મહુંમ ખંભાતનાં વતની અને મુંબઇમાં કાપડનો વેપાર કરતા હતા. તેઓ ધર્મપ્રેમી, મીલનસાર તેમજ કેળવણીના ક્ષેત્રમાં સારો ભાગ લેતા હતા. સં. ૨૦૦૧ માં ખંભાતથી શ્રી શત્રુંજયની તીર્થયાત્રાનો "છ''રી" પાળતો સંઘ કાઢ્યો હતો. જૈન સમાજની ઘણી સંસ્થાઓમાં તેઓશ્રીએ તન, મન તેમજ ધનથી સારો ભોગ આપ્યો હતો.

તેઓ આ સભાના માનવંતા પેટ્રન સાહેબ હતા. તેમના અવસાનથી સભાને એક ધર્મનિષ્ઠ અને લાયક પેટ્રનની ખોટ પડી છે. અમો તેમનાં આત્માની શાંતિ ઇચ્છીયે છીયે.

## "વીણેલા મોતી"

નિત્ય અભિમાનના, ઓટલે ઊભીને,
જીવ મમતા-તણી મ્હોર મારે;
હું કરું હું કરું, મારું આ છે બધું,
એમ ગુંચાય, સંસાર ગારે.

હું જ સરવોપરી, ધનિક વિદ્વાન્ છું,
મારું મારું, નગારું વગાડે;
હાય અભિમાનનાં, પંકજે ગબડતા,
માનવી કિંમતી, જીવનગાળે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

પુસ્તક ૪૭ મું

અંક ૧ થી ૧૨ : : સને ૧૯૪૯-૫૦

સંવત ૨૦૦૫/૬



: પ્રકાશક :

શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ.

( પુસ્તક ૪૭ મું )

( સં. ૨૦૦૫ ના શ્રાવણ માસ થી સં. ૨૦૦૬ ના આષાઢ માસ સુધીની )

## વાર્ષિક વિષયાનુક્રમણિકા.

### ૧. પદ્ય વિભાગ


| નંબર | વિષય | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧ | શ્રી પાર્શ્વનાથ જિન સ્તવન | ( આ. શ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી ) | ૧ |
| ૨ | ,, | ( મુનિરાજશ્રી જંબૂવિજયજી ) | ૨ |
| ૩ | શ્રી મહાવીર પ્રભુ સ્તવન | ( ,, ) | ૨૭ |
| ૪ | શ્રી વીર જિન ગીત | ( શાહ હિંમતલાલ ગુલાબચંદ ) | ૪૧ |
| ૫ | શ્રી પાર્શ્વજિનેશ્વર સ્તવન | ( મુનિરાજ શ્રી જંબૂવિજયજી ) | ૪૯ |
| ૬ | દેવદુંદુભી નાદ | ( ઝવેરી મૂળચંદ આશારામ ) | ૫૬ |
| ૭ | શ્રી પાર્શ્વનાથ ભગવાનનું સ્તવન | ( મુનિરાજશ્રી જંબૂવિજયજી ) | ૭૩ |
| ૮ | સામાન્ય જિન સ્તવન | ( ,, ) | ૯૫ |
| ૯ | શ્રી આદિ જિનેશ્વર સ્તવન | ( ,, ) | ૧૧૯ |
| ૧૦ | શ્રી પાર્શ્વનાથ જિનેશ્વર સ્તવન | ( ,, ) | ૧૪૫ |
| ૧૧ | ફાલના શ્રી જૈન શ્વે. કોન્ફરન્સ અધિવેશન ગીત | ( ઝવેરી મૂળચંદ આશારામ ) | ૧૫૪ |
| ૧૨ | શ્રી અંતરિક્ષ પાર્શ્વનાથ સ્તવન | ( મુનિરાજ શ્રી જંબૂવિજયજી ) | ૧૬૫ |
| ૧૩ | શ્રી સાધારણ જિન સ્તવન | ( આ. શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ ) | ૧૬૭ |
| ૧૪ | શ્રી મહાવીરસ્વામી જિન સ્તવન | ( આ. શ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી ) | ૧૮૫ |
| ૧૫ | ભગવાનને કોણ વહાલું છે ? | ( મુનિશ્રી વિનયવિજયજી ) | ૧૮૬ |
| ૧૬ | જૈનાચાર્ય શ્રીમદ્ વિજયાનંદસૂરીશ્વરજીની સ્તુતિ | ( ,, ) | ૨૦૫ |
| ૧૭ | સામાન્ય જિન સ્તવન | ( આ. શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ ) | ૨૨૫ |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ૐ

## ૨. ગદ્ય વિભાગ.


| નંબર | વિષય | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧, | નૂતન વર્ષનું મંગલમય વિધાન | ( શ્રી ફત્તેહચંદ ઝવેરભાઇ શાહ ) | ૩ |
| ૨. | તત્ત્વાવબોધ | ( આ. શ્રી વિજયકસ્તૂર સૂરિજી ) | ૧૦, ૪૩, ૫૭, ૭૪, ૧૨૫, ૧૫૦, ૧૭૫, ૧૯૪, ૨૧૬, ૨૩૬, |
| ૩. | પર્વોનો રાજા–પર્યુષણા મહાપર્વ | ( મુનિરાજ શ્રી ન્યાયવિજયજી ત્રિપુટી ) | ૧૨ |
| ૪. | કામઘટ, કામકુંભ અને કામકલશ | ( પ્રો. હિરાલાલ. ર. કાપડિયા M. A.) | ૧૬ |
| ૫, | ધર્મ કૌશલ્ય | ( મૌક્તિક ) | ૧૭, ૧૧૧ |
| ૬. | ઇચ્છાયોગ, શાસ્ત્રયોગ ને સામર્થ્યયોગ. | ( ડૉ. ભગવાનદાસ મનઃસુખભાઇ મ્હેતા. ) | ૧૯ |
| ૭. | પરમાત્મા આપણા હૃદયમાં | ( અનુ. શ્રીમતી કમળાબ્હેન સુતરીયા M. A. ) | ૨૧ |
| ૮. | આવકારદાયક ઇનામી નિબંધની યોજના | ( સભા ) | ૨૨ |
| ૯. | વર્તમાન સમાચાર, સાહિત્ય પ્રકાશન | ( ,, ) | ૨૩, ૪૬, ૪૭, ૭૧, ૯૩, ૧૧૪, ૧૩૬, ૧૮૨, ૨૧૨ |
| ૧૦. | ઇલોરાની જૈન ગુફાઓ | ( મુનિરાજ જંબૂવિજયજી ) | ૨૮ |
| ૧૧. | સુરમણિ, દ્યુમણિ, ચિંતામણિ, પરાસમણિ ઇત્યાદિ. | ( પ્રો. હિરાલાલ ર. કાપડિયા M. A.) | ૩૯ |
| ૧૨. | સ્થિતપ્રજ્ઞ પુરુષની પવિત્ર વિચારશ્રેણી | ( જિજ્ઞાસુ ) | ૪૨, ૫૯, ૭૮ ૧૦૪ |
| ૧૩. | સોનેરી સુવાકયો | (શ્રી અચ્છા બાબા ) | ૪૮, ૧૮૧ |
| ૧૪. | દેવગિરિ | (મુનિરાજ શ્રી જંબૂવિજયજી ) | ૫૦, ૯૬, ૧૨૦, ૧૪૬, |
| ૧૫. | કામધેનુ અને એના પર્યાયો | ( પ્રો. હિરાલાલ. ર. કાપડિયા M. A. ) | ૬૦ |
| ૧૬ | મહાભારતમાં એક પ્રસંગમાં કથા | ( શ્રીમતી કમળાબ્હેન સુતરીયા. ) | ૬૨ |
| ૧૭ | ચારૂશીલા રમણીરત્નો. | ( શ્રી મોહનલાલ દી. ચોકશી ) | ૬૩, ૮૯, ૧૩૧ |
| ૧૮ | આધ્યાત્મિક સમીકરણ | ( અનુ. અભ્યાસી. બી. એ ) | ૬૬, ૮૦ |
| ૧૯ | યુગવીર આચાર્યદેવ શ્રી વિજયવલ્લભ સૂરીશ્વરજીનો ૮૦મા વર્ષમાં પ્રવેશ | ( સભા ) | ૬૯ |
| ૨૦ | એક અનુકરણીય અને અનુપમ પ્રસંગ | ( ,, ) | ૭૦ |
| ૨૧ | શ્રીપાલ–ચરિત્રો | ( પ્રો. હિરાલાલ ર. કાપડિયા M. A. ) | ૮૨ |
| ૨૨ | વીશમા શ્રી અજિતવીર્ય જિનસ્તવન | ( સં. ડૉ. વલ્લભદાસ નેણશીભાઇ મ્હેતા. ) | ૮૫ |
| ૨૩ | ગ્રંથકારોની પદ્ધતિ પૂર્વકાલીન પ્રણેતાદિનો નિર્દેશ | ( પ્રો. હિરાલાલ ર. કાપડિયા M. A. ) | ૧૦૫ |
| ૨૪ | દશમા શ્રી વિશાલ જિન સ્તવન | ( સં. ડૉ. વલ્લભદાસ નેણસીભાઇ ) | ૧૦૭ |
| ૨૫ | મુક્તિઝંખના | ( શ્રી મફતલાલ સંઘવી ) | ૧૧૩ |
| ૨૬ | અપરનામક જૈનગ્રંથકારો | ( પ્રો. હિરાલાલ ર. કાપડિયા M. A. ) | ૧૨૯ |
| ૨૭ | એક ખાસ સુધારો | ( મુનિરાજ જંબૂવિજયજી ) | ૧૩૫ |
| ૨૮ | શ્રી જૈન શ્વે. કોન્ફરન્સ ૧૭મું અધિવેશન. | ( સભા ) | ૧૩૭ |
| ૨૯ | અપરનામક મુનિવરો | ( પ્રો. હિરાલાલ ર. કાપડિયા M. A. ) | ૧૫૫ |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




| નંબર | વિષય | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૩૦ | જૈન સાહિત્ય ગ્રંથોના પ્રકાશનો કેવા હોવા જોઇએ? | ( શ્રી ડાહ્યાલાલ ક. ત્રિવેદી બી. એ. ) | ૧૫૮ |
| ૩૧ | શ્રી અંતરિક્ષ પાર્શ્વનાથજી તીર્થ | ( મુનિરાજ જંબૂવિજયજી ) | ૧૬૮ |
| ૩૨ | સ્મરણ, સંજ્ઞા, સંખ્યા ઇત્યાદિ | ( પ્રો. હિરાલાલ ર. કાપડિયા M. A. ) | ૧૭૮ |
| ૩૩ | અનાગમિક સાહિત્યનો ઇતિહાસ | ( ,, ) | ૧૯૭ |
| ૩૪ | સભાનો સં. ૨૦૦૫ ની સાલનો રિપોર્ટ તથા સરવૈયું. | ( સભા ) | ૨૦૫ |
| ૩૫ | વિશ્વવાત્સલ્ય | ( મુનિરાજ ચંદ્રપ્રભસાગરજી ) | ૨૧૯ |
| ૩૬ | પૂર્ણકલા | ( ,, ) | ૨૩૫ |
| ૩૭ | ઓગણીશમા શ્રી દેવજસાજિનસ્તવન | ( ડૉ. વલ્લભદાસ નેણશીભાઇ મ્હેતા ) | ૨૪૦ |
| ૩૮ | વીણેલા મોતી | ( કમળાબ્હેન સુતરીયા M. A. ) | ૨૪૩ |


## ભૂલ સુધારો.

શ્રી આત્માનંદ પ્રકાશનાં જેઠ માસનાં અંકમાં ભાવનગરનિવાસી શાહ પ્રેમચંદ ત્રિભુવનદાસનાં સ્વર્ગવાસની નોંધમાં તેઓ શેઠ હરજીવનદાસ દીપચંદની પેઢીમાં ભાગીદાર હતા તેમ ગેરસમજથી છપાયેલ છે તેઓ કદિ ભાગીદાર નહોતા એ હકીકત છે.

## વર્તમાન સમાચાર

શ્રી જૈન ધર્મ પ્રસારક સભાના હોલમાં સ્વર્ગસ્થ શેઠશ્રી કુંવરજી આણંદજીની આરસની પ્રતિમાની અનાવરણવિધિ પ્રથમ અષાડ વદ ૯ શનિવારે સાંજે ચાર વાગે રાવ સાહેબ શેઠશ્રી કાંતિલાલ ઇશ્વરલાલના હસ્તે થઇ હતી, જે વખતે સ્વર્ગસ્થ શેઠશ્રી કુંવરજીભાઇએ બજાવેલી ઉક્ત સભાની સેવા, તેમની જૈન ધર્મ પ્રત્યે શ્રદ્ધા અને સાહિત્ય પ્રેમ વગેરે માટે વક્તાઓએ અંજલી આપી હતી. મહેમાનો તથા પધારેલા ગૃહસ્થોનો આભાર માન્યા બાદ સૌ વિખરાયા હતા.

શ્રી જૈન આત્માનંદ સભા તરફથી શ્રીમાન શેઠશ્રી કાંતિલાલભાઇ અને અન્ય આગેવાન મહેમાનોનું ફૂલહારથી યથાયોગ્ય સન્માન વ્હોરા ખાંતીલાલ અમરચંદને ત્યાં કરવામાં આવ્યું હતું, જે વખતે શેઠશ્રી કાંતિલાલભાઇએ શ્રી જૈન આત્માનંદ સભાના મુખ્ય સેક્રેટરી શ્રીયુત વલ્લભદાસભાઇની સાહિત્ય સેવા માટે પ્રશંસા કરી હતી.

## શ્રી વિલેપાર્લે કુમારિકા અને સ્ત્રીમંડળને શ્રીયુત્ ચંદુલાલ ટી. શાહ જે. પી. તરફથી કરવામાં આવેલી ઉદાર સખાવત.

ઉપરોક્ત સ્ત્રીશિક્ષણ સંસ્થાને જગ્યાની સંકોચે મુશ્કેલી પડતી હતી, જેથી તે માટે માંગણી કરવામાં આવતાં શેઠ ચંદુલાલ ટી. શાહ જે. પી. એ ( ડેપ્યુટી મેનેજર ક્રાઉન લાઇફ ઇન્સ્યુરન્સ કું. ) રૂા. ૧૫૦૦૦) પંદર હજારની ઉદાર સખાવત કરી છે. જેથી તેના સંચાલકોએ શ્રીમતી કંચનલક્ષ્મી ચંદુલાલ તેને નામ આપવામાં આવ્યું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

**આ સભામાં નવા સભાસદોની વૃદ્ધિ કેમ થતી જાય છે ? નવા થનારા જૈન બંધુઓ અને બ્હેનોએ જાણવા જેવું અને સભાસદ થઈ ભેટનો સુંદર નવીન નવીન ગ્રંથોનો લાભ લેવા નમ્ર સૂચના.**

સં. ૨૦૦૨-૨૦૦૩-૨૦૦૪ એ ત્રણ સાલમાં ને વખતે અને આ વર્ષના રિપોર્ટમાં જણાવ્યા પ્રમાણે સુંદર સચિત્ર રૂા. ૪૫) ની કિંમતના શ્રી વસુદેવહિંડી વગેરે ગ્રંથો શુમારે છશેંહ માનનીય સભાસદો ( પેટ્રન સાહેબો અને લાઇફ મેમ્બરોને રૂા. સતાવીશ હજારના ગ્રંથો ભેટ આપવામાં આવ્યા છે અને:—

આ વર્ષે ( સં. ૨૦૦૬ ની સાલમાં ) ગયા " આત્માનંદ પ્રકાશ " અંકમાં જણાવ્યા પ્રમાણે શ્રી દમયંતી ચરિત્ર ( સચિત્ર ) વગેરે ચાર ગ્રંથો કિંમત રૂા. ૧૩-૮-૦ તેટલા જ સભાસદોને રૂા. ૮૧૦૦)ના ગ્રંથો હાલમાં ભેટ મોકલવામાં આવ્યા છે તેમજઃ—

---

## યોજનામાં.

આવતા વર્ષે સં. ૨૦૦૭ તથા સં. ૨૦૦૮ ની સાલમાં ભેટ આપવાના ગ્રંથોની યોજના પણ થઇ રહી છે.

આવો ભેટના ગ્રંથનો લાભ બીજી કોઇ સંસ્થાએ આપ્યો નથી, અને આપી શકતી નથી.

---

શ્રી આત્માનંદ પ્રકાશના ગ્રાહકોને નમ્રસુચના ક્રમે ક્રમે તમામ ગ્રાહકોને **શ્રી આદર્શ જૈન સ્ત્રીરત્નો** ભાગ બીજો ( કિમંત બે રૂપીઆ ) લવાજમ વસુલ થવા ભેટની બુકનું લવાજમ અને પોસ્ટ ચાર્જ સાથે મોકલવામાં આવેલ છે અને ક્રમે ક્રમે તેજ ગ્રાહકો વી. પી. સ્વીકારી લે છે તેમનું લવાજમ પણ સભાને મળતું જાય છે, જેથી જેમને જેમને વી. પી. મળે તે ગ્રાહકોએ સ્વીકારી લેવા નમ્રસુચના છે.

---

## શ્રી પાર્શ્વનાથ પ્રભુ ( સચિત્ર ) ચરિત્ર.

### પરમાત્મા શ્રી પાર્શ્વનાથ પ્રભુ ચરિત્ર. સચિત્ર ( કિંમત રૂા. ૧૩ )

આ શ્રી પાર્શ્વનાથ પ્રભુ ચરિત્ર સચિત્ર, સુંદર, આકર્ષક અને આત્મકલ્યાણ સાધનારૂં હોવાથી, જૈન સમાજમાં પ્રિય થઇ પડવાથી, તેજ ગ્રંથ આ સાલ( હાલમાં ) નવા લાઇફ મેમ્બર થવાની ઇચ્છાવાળા જૈન બંધુઓ અને બ્હેનો ( ગઇ સાલમાં જ ) ભેટ અપાયેલ આ ચરિત્ર ગ્રંથ ભેટ મંગાવે છે, એ ધારાધોરણ પ્રમાણે અને સામાન્ય રીતે પણ આગલા વર્ષોની ભેટ અપાઇ શકે નહિં; કારણ કે જ્ઞાનખાતાનો દોષ આપનાર લેનારને પણ લાગે તેમ છે; પરંતુ નવા થનાર લાઇફ મેમ્બરોની ગ્રંથની પ્રશંસા જાણીને-વાંચવા આત્મકલ્યાણ સાધવા ઘણા પત્રો અમારા ઉપર આવેલ હોવાથી તમન્ના જોવાઇ છે, જેથી સભા એવા ઠરાવ પર આવી છે, કે હવે **પછી નવા થનારા લાઇફ મેમ્બર બંધુઓને ખાસ આ ચરિત્ર વાંચવા માટે લેવાની જરૂર જ હોય તો સિલિકમાં હશે ત્યાં સુધીમાં રૂા. ૧૦૧) લાઇફ મેમ્બર ફીના તથા રૂા. ૭) શ્રી પાર્શ્વનાથ પ્રભુ ચરિત્રના મળી રૂા. ૧૦૮) મોકલી આપશે તો આ સાલના ભેટ આપવાના ચાર ગ્રંથો સાથે તે પણ મોકલી આપવામાં આવશે. બીજા વર્ગના નવા થનારા લાઇફ મેમ્બરોને ધારા પ્રમાણે મળી શકશે.**

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 314

આ વર્ષની દિવાળી સુધીમાં નવા થનારાં ( ૧ લા વર્ગ ) લાઇફ મેમ્બરોને આ વર્ષની ભેટની બુકો શ્રી દમયંતી ચરિત્ર વગેરે ચાર ગ્રંથો રૂા. ૧૩-૮-૦ ની કિંમતના ભેટ આપવામાં આવશે. બીજા વર્ગમાં દાખલ થનારને ધારા પ્રમાણે ભેટ આપવામાં આવશે.

## ૧ મહાસતી શ્રી દમયંતી ચરિત્ર.

### શ્રી માણિકયચંદ્રદેવસૂરિ વિરચિત મૂળ ઉપરથી અનુવાદ. સચિત્ર

પૂર્વનો પૂણ્યયોગ અને શીલનું માહાત્મ્ય સતી શ્રીદમયંતીમાં અસાધારણ હતું, તેનો શુદ્ધ અને સરલ ભાષામાં અનુવાદ કરાવી અમારા તરફથી પ્રકાશનનું કાર્ય શરૂ કરેલ છે. આ અનુપમ રચનામાં મહાસતી દમયંતીના અસાધારણ શીલ મહાત્મ્યના પ્રભાવવડેના ચમત્કારિક અનેક પ્રસંગો, વર્ણનો આવેલ છે, સાથે નળરાજા પ્રત્યે અપૂર્વ પતિભકિત, સતી દમયંતી સાસરે સીધાવતાં માબાપે આપેલી સોનેરી શિખામણો જુગારથી થતી ખાનાખરાબી, ધૂર્ત જનની ધૂર્તતા, પ્રતિજ્ઞાપાલન, તે વખતની રાજ્યનીતિ, સતી દમયંતીએ વન નિવાસના વખતે, આવતા સુખ દુઃખો વખતે ધીરજ, શાંતિ રાખી અને તે વખતે કેટલાયે મનુષ્યોને ધર્મ પમાડેલ છે તેની ભાવભરીત નોંધ, તેમજ પુણ્યશ્લોક નળરાજાના પૂર્વના અસાધારણ મ્હોટા પુણ્યબંધના યોગે તેમના માહાત્મ્ય, મહિમા, તેમના નામ સ્મરણથી મનુષ્યોને થતા લાભો વગેરેનું અદ્દભુત પઠન પાઠન કરવા જેવું વર્ણન આચાર્ય મહારાજે આ ગ્રંથમાં આપ્યું છે. બીજી અંતર્ગત સુબોધક કથાઓ પણ આપવામાં આવેલી છે. ફોર્મ ૨૯ પાના ૩૧૨ સુંદર અક્ષરો, સુંદર બાઇંડીંગ કવર જેકેટ સહિત કિંમત રૂા. ૭-૮-૦ પોસ્ટેજ જુદું.

## ૨ જ્ઞાનપ્રદીપ ભાગ બીજો.

### લેખક—આચાર્યશ્રી વિજયકસ્તૂરસૂરિ મહારાજ

જ્ઞાનના પરિપાકરૂપે ધાર્મિક, નૈતિક અને સામાજિક વિષયો, લેખો કે જે સંસારમાં અટવાયેલા મનુષ્યને સાચી માનવતાનો રાહ બતાવનાર, આબાલવૃદ્ધ સર્વજન સમૂહને હૃદયસ્પર્શી થતાં મનનપૂર્વક પઠનપાઠન કરનારને બોધપ્રદ અને સાથે આત્મિક આનંદ થવા સાથે મનુષ્ય જન્મની કેમ સફલતા થાય તેવી રીતે, સાચી સુગંધી પુષ્પમાળારૂપે ગુંથી સાદી, સરલ, રોચકભાષામાં તૈયાર કરવામાં આવેલ છે. સાતમા વર્ષ ઉપર આ ગ્રંથના પ્રથમ ભાગનું ( એક હજાર કોપીનું ) પ્રકાશન થતાં જૈન જૈનેતર મનુષ્યોને ઉદારતાપૂર્વક એકેએક કોપી ભેટ આપવામાં આવેલી હતી, તેની જ ફરી વખત એટલી બધી પ્રશંસા સાથે માંગણી થતાં તેની બીજી આવૃત્તિ ( એક હજાર કોપી )નુ પ્રકાશન કરવામાં આવેલ તેનો પણ ઉપરોક્ત રીતે સદ્દઉપયોગ કરવામાં આવેલ હતો. આ બીજા ભાગમાં પણ તેજ વિદ્વાન આચાર્ય મહારાજની કૃતિના નવા ૩૭ વિવિધ વિષયોનો સમૂહ છે, તેની કિંમત રૂા. ૪) છે. વિશેષ લખવા કરતાં વાંચીને લાભ લેવા નમ્ર સૂચના છે.

## ૩ આદર્શ જૈન સ્રીરત્નો ભાગ બીજો.

જનસમૂહનું કલ્યાણ કરનારા મહાન્ પૂર્વાચાર્ય મહારાજાઓ રચિત કથાનુયોગ (કથા સાહિત્ય)માંથી પુષ્પો લઇ જુદી જુદી આદર્શ ( જૈન સ્રીરત્નો ) શીલવતી વગેરે પવિત્ર આઠ રમણીઓનું સુંદર, રસિક, બ્હેનો માટે આદરણીય, અનુકરણીય, સ્રી-ગૃહિણી અને પવિત્ર સ્રીરત્નો થવા માટે આ સતી ચરિત્રો આલંબનરૂપ હોવાથી પ્રકાશન કરેલ છે. દરેક સતી ચરિત્રોનું પઠનપાઠન કરતાં અનેકવિધ આદર્શો અનુપમરીતે જોવાય છે. વિશેષ લખવા કરતાં વાંચકને મનનપૂર્વક વાંચવા નમ્ર સુચના છે. સુંદર ટાઇપો અને સારા કાગળ ઉપર સરલ ગુજરાતી ભાષામાં મજબુત અને આકર્ષક બાઇડોંગથી તૈયાર કરવામાં આવેલ છે. કિંમત રૂા. ૨-૦-૦ પોસ્ટેજ જુદું.

For Private And Personal Use Only